dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 274 | AD - 2026, Jeth Vad -10 | Friday, Dt. 10-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**બંને દેશોએ સંરક્ષણ, વેપાર, ઊર્જા, અવકાશ, સાયબર સુરક્ષા જેવા ક્ષેત્રોમાં ભાગીદારી વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ**

# ભારત-ઓસ્ટ્રેલીયા વચ્ચે યુરેનિયમ ડીલ પર લાગી મહોર



મેલબોર્ન,તા.૦૯


મેલબોર્ન ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એક મહત્વપૂર્ણ યુરેનિયમ ડીલ પર મહોર લાગી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ વચ્ચે યોજાયેલી બેઠક બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કરારોની જાહેરાત કરવામાં આવી હતી. બંને દેશોએ સંરક્ષણ, વેપાર, ઊર્જા, અવકાશ, સાયબર સુરક્ષા અને મહત્વપૂર્ણ ખનિજો જેવા ક્ષેત્રોમાં ભાગીદારી વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયાથી ભારતને યુરેનિયમની ઉપલબ્ધિ થવાથી ભારતના સ્વચ્છ ઊર્જા મિશનને નવી ગતિ મળશે. તેમણે કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા મળીને ક્રિટિકલ મિનરલ્સ કોરિડોર વિકસાવશે, જે ભવિષ્યની ટેકનોલોજી અને ઉદ્યોગોને મજબૂત આધાર આપશે. આ ઉપરાંત કોકોસ (કીલિંગ) ટાપુ પર સ્પેસ ટ્રેકિંગ ટર્મિનલ સ્થાપવાની યોજના પણ જાહેર કરવામાં આવી છે, જે ભારતના ગગનયાન મિશન માટે ઉપયોગી સાબિત થશે. બંને દેશોએ ઓસ્ટ્રેલિયા-ભારત સાયબર, ક્રિટિકલ ટેકનોલોજી અને સપ્લાય ચેઈન પાર્ટનરશિપ શરૂ કરવા પર સહમતિ વ્યક્ત કરી હતી.

આ ભાગીદારી અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, સેમિકન્ડક્ટર, સાયબર સિક્યુરિટી અને ડિજિટલ રેઝિલિયન્સ જેવા ક્ષેત્રોમાં સંયુક્ત સંશોધન અને વિકાસ કરવામાં આવશે. મોદીએ પોતાના સંબોધનમાં ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધોની સરખામણી ક્રિકેટ સાથે કરતા જણાવ્યું હતું કે બંને દેશોની મુલાકાતો ક્રિકેટની જેમ રસપ્રદ હોય છે. એજન્ડામાં વનડે જેવી સ્પષ્ટતા હોય છે, નિર્ણયો ટી-૨૦ની જેમ ઝડપથી લેવામાં આવે છે અને બંને દેશોની મિત્રતા ટેસ્ટ મેચની જેમ લાંબી અને મજબૂત છે.

આતંકવાદ મુદ્દે પણ બંને દેશોએ એકસરખું વલણ વ્યક્ત કર્યું હતું. મોદીએ જણાવ્યું કે આતંકવાદ સમગ્ર માનવતા માટે ગંભીર પડકાર છે અને તેના સામેની લડાઈમાં ભારત અને ઓસ્ટ્રેલિયા સતત સહયોગ વધારી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝે જણાવ્યું હતું કે અત્યાર સુધી બંને દેશોની સપ્લાય ચેઈન જોડાયેલી હતી પરંતુ નીતિઓમાં તફાવત હતો.

નવા કરારો આ અંતરને દૂર કરશે અને સંબંધોને વધુ મજબૂત બનાવશે. તેમણે જણાવ્યું કે ૨૦૧૫ના ભારત-ઓસ્ટ્રેલિયા પરમાણુ સહયોગ કરાર હેઠળ ભારતને યુરેનિયમ નિકાસની વ્યવસ્થા માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ પહેલા વડાપ્રધાન મોદીએ ભારત-ઓસ્ટ્રેલિયા CEO ફોરમ અને ઈકોનોમિક રોડમેપ બિઝનેસ રિસેપ્શનમાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતા, ઊર્જા સંકટ અને સપ્લાય ચેઈન પડકારો વચ્ચે બંને દેશો વિશ્વસનીય ભાગીદાર તરીકે આગળ વધી રહ્યા છે. કાર્યક્રમ બાદ મોદીએ એન્થની અલ્બનીઝ સાથે સેલ્ફી પણ લીધી હતી. વડાપ્રધાન હાલ ત્રણ દેશોના પ્રવાસે છે અને આગામી દિવસોમાં ન્યુઝીલેન્ડની મુલાકાત લેશે.

# મણિપુરમાં નગા અને કુકી સમુદાય વચ્ચે હિંસક અથડામણમાં પાંચ માસમાં ૨૫ના મોત



ઈમ્ફાલ,તા.૦૯

મે ૨૦૨૩થી મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે ચાલી રહેલી વંશીય હિંસા વચ્ચે હવે નગા અને કુકી સમુદાયો વચ્ચેનો સંઘર્ષ વધુ ઉગ્ર બનતા રાજ્યમાં તણાવ વધી ગયો છે. ઉખરુલ જિલ્લો આ નવા વિવાદનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. ફેબ્રુઆરી મહિનાથી શરૂ થયેલા આ અથડામણોમાં અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે.સોમવારે ભારત-મ્યાનમાર સરહદ પર પેટ્રોલિંગ કરી રહેલી આસામ રાઈફલ્સના કાફલા પર થયેલા હુમલામાં ઉત્તરાખંડના બે જવાનો શહીદ થયા હતા. ગુરુવારે ઈમ્ફાલ એરપોર્ટ ખાતે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ બંને શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ તેમના પાર્થિવ દેહને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર માટે તેમના વતન મોકલવામાં આવ્યા હતા. નગા સમુદાયના લોકોનો આરોપ છે કે આસામ રાઈફલ્સ ૩૯૮ કિલોમીટર લાંબી ભારત-મ્યાનમાર સરહદની અસરકારક સુરક્ષા કરવામાં નિષ્ફળ રહી છે. તેઓનું કહેવું છે કે મ્યાનમાર તરફથી કુકી નેશનલ આર્મી (બર્મા)ના હથિયારબંધ સભ્યો વારંવાર સરહદ પાર કરીને નગા ગામો પર હુમલા કરી રહ્યા છે. ૧૦ જૂને અપહરણ કરાયેલા છ નગા લોકોના ક્ષત-વિક્ષત મૃતદેહો મળ્યા બાદ તેમજ કામજોંગ જિલ્લામાં અનેક નગા ગામોને આગ ચાંપવામાં આવતા નગા સમુદાયમાં ભારે રોષ ફેલાયો છે. હાલ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

# કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં કાર-ટ્રક વચ્ચે અકસ્માત : ૭ના મોત



બેંગ્લુરૂ,તા.૦૯

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા સાત લોકોના મોત નિપજ્યા હતા જ્યારે બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. મળતી માહિતી મુજબ યેલ્લાપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા નેશનલ હાઈવે-૫૨ પર અરાબૈલ ઘાટ નજીક બાલાગારા ક્રોસ પાસે રાત્રે અંદાજે ૧:૩૦ વાગ્યે કાર અને લોરી વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી.

અકસ્માત એટલો ભયંકર હતો કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ચકનાચૂર થઈ ગયો હતો અને ઘટનાસ્થળે જ સાત લોકોના મોત થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માતગ્રસ્ત એમયુવી કારમાં ડ્રાઈવર સહિત કુલ નવ લોકો સવાર હતા. તમામ લોકો ધારવાડના રહેવાસી હતા અને ધર્મસ્થળ તેમજ ચિકમગલૂર ખાતે દર્શન અને પ્રવાસ માટે જઈ રહ્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામનારાઓમાં સંજય અંગડી (૩૩), બસવરાજ (૪૮), અભિષેક ઈશ્વર (૨૮), અક્ષય (૨૬), અભિષેક (૨૬) અને મંજુનાથ ચુલાકી (૩૨) સહિત અન્ય એક વ્યક્તિનો સમાવેશ થાય છે.

અકસ્માત બાદ સ્થાનિક લોકો અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત બે લોકોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હુબલી સ્થિત કિમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**યુપીમાં રસ્તાઓ જળબંબાકાર, ઉત્તરાખંડમાં ભૂસ્ખલન તો મહારાષ્ટ્રમાં નદીમાં તણાયા હજારો ગેસ સિલિન્ડર**

# દેશભરમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ, અનેક રાજ્યોમાં જનજીવન ખોરવાયુ




નવી દિલ્હી, તા.૦૯

ચોમાસાની સિઝન વચ્ચે દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદનો દોર યથાવત રહ્યો છે. ઉત્તર પ્રદેશમાં ગુરુવાર સવારથી નોઈડા, મથુરા, મેરઠ, બુલંદશહેર સહિત ૫૦થી વધુ શહેરોમાં ધોધમાર વરસાદ વરસતા જનજીવન પર ભારે અસર પડી છે. નોઈડાના અનેક વિસ્તારોમાં એકથી બે ફૂટ સુધી પાણી ભરાઈ જતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગાઝિયાબાદમાં ભારે વરસાદના કારણે લગભગ ૧૦ ફૂટ જેટલો રસ્તો ધસી ગયો હતો, જેમાં એક કાર અને બાઈક ખાડામાં ખાબકી હતી.

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં નાલુપાણી અને યમુનોત્રી નેશનલ હાઈવે ઉપર ભૂસ્ખલનની ઘટના બનતા વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. ટિહરી જિલ્લામાં પણ ભૂસ્ખલનને કારણે એક મકાન ધરાશાયી થઈ ગયું હતું અને આસપાસના અન્ય મકાનો માટે પણ જોખમ ઉભું થયું છે. રાજસ્થાનના અજમેર જિલ્લાના કિશનગઢ વિસ્તારમાં વરસાદને કારણે એક મકાન તૂટી પડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કાટમાળ નીચે ફસાયેલા પતિ-પત્ની સહિતના લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં પૂર જેવી સ્થિતિ વચ્ચે પનવેલ નજીક આવેલા એલપીજી બોટલિંગ પ્લાન્ટમાંથી લગભગ ૩ હજાર ગેસ સિલિન્ડર પાતાલગંગા નદીમાં તણાઈ ગયા હતા. પ્રશાસને લોકોને સિલિન્ડરથી દૂર રહેવા અપીલ કરી છે. મધ્ય પ્રદેશમાં પણ અનેક જિલ્લાઓમાં વરસાદ વરસતા નદીઓમાં પાણીની આવક વધી છે. ખરગોન જિલ્લામાં નદીમાં એક યુવક તણાઈ જવાની ઘટના સામે આવી છે.

# અમેરિકાએ ઈરાન ચાબહાર બંદર પર મોટો સૈન્ય હુમલો કર્યો



તેહરાન,તા.૦૯

અમેરિકાએ ઈરાનના દક્ષિણ-પૂર્વીય બંદર શહેર ચાબહાર પર પહેલીવાર મોટો સૈન્ય હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. એપ્રિલ મહિનામાં થયેલા સીઝફાયર બાદ આ વિસ્તારમાં અમેરિકાની આ પ્રથમ મોટી કાર્યવાહી માનવામાં આવી રહી છે. હુમલા દરમિયાન શહેરમાં એક પછી એક અનેક જોરદાર ધડાકાના અવાજો સંભળાયા હતા, જેના કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતા અંધારપટ છવાઈ ગયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર ધડાકાઓ બાદ રાહત અને બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને નુકસાનની સમીક્ષા શરૂ કરી હતી. આ હુમલાથી અમેરિકા હવે હોર્મુઝ જળમાર્ગની બહાર ઈરાનના હિંદ મહાસાગર સાથે જોડાયેલા દરિયાકાંઠાના વિસ્તારોને પણ નિશાન બનાવી રહ્યું હોવાની ચર્ચા તેજ બની છે.







# મુસ્લીમોમાં પણ સગીરા સાથે લગ્ન ગેરકાયદે : અલ્હાબાદ હાઈકોર્ટ




પ્રયાગરાજ,તા.૦૯

અલ્લાહાબાદ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે પોક્સો કાયદો દેશના તમામ નાગરિકો પર સમાન રીતે લાગુ પડે છે અને કોઈપણ પર્સનલ લો તેના કરતા ઉપર નથી. જસ્ટિસ જેજે મુનિર અને અચલ સચદેવની બેન્ચે જણાવ્યું કે મુસ્લિમ પર્સનલ લો હેઠળ પ્યુબર્ટીની ઉંમરે નિકાહની માન્યતા હોવા છતાં, ૧૮ વર્ષથી ઓછી વયની સગીરા સાથે નિકાહ કરાવવો બાળ લગ્ન પ્રતિબંધ કાયદા તેમજ પોક્સો કાયદાનો ભંગ ગણાશે. કોર્ટે કહ્યું કે દેશના તમામ ધર્મના લોકો માટે લગ્નની કાનૂની ઉંમર એકસરખી નક્કી કરવામાં આવી છે અને તેમાં ધર્મના આધારે કોઈ છૂટછાટ મળી શકે નહીં. આ ચુકાદાને બાળ સુરક્ષા અને કાનૂની સમાનતાના દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

### અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ

# મેહુલભાઈ ધોરાજીયાના માતૃશ્રીનું નિધન

**મૃતકની અંતિમયાત્રામાં રાજકિય અને સામાજિક અગ્રણીઓ જોડાયા**





અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા તથા પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાના માતા મંજુલાબેન ધનજીભાઈ ધોરાજીયાનું ગુરુવારના રોજ અવસાન થયું હતું. તેમના નિધનના સમાચાર પ્રસરી જતા રાજકીય, સામાજિક અને વિવિધ સંસ્થાઓના આગેવાનો મેહુલભાઈ ધોરાજીયાના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાના માતાના અવસાનથી પાલિકા કર્મચારીઓમાં પણ શોકની લાગણી વ્યાપી હતી અને કર્મચારીઓએ ધોરાજીયા પરિવારની મુલાકાત લઈ દુ:ખમાં સહભાગી બન્યા હતા. મંજુલાબેન ધોરાજીયાની અંતિમયાત્રામાં રાજકીય, સામાજિક તેમજ વિવિધ ક્ષેત્રોના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# લાઠી સંતોકબા મેડિકલ સેન્ટર ખાતે પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ


તસવીર : જગદીશ ખેર

લાઠી,તા.૦૯

લાઠીના સંતોકબા મેડિકલ સેન્ટર ખાતે પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભા ઉત્સાહભેર યોજાઈ ગઈ. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો, સભ્યો અને આમંત્રિત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સભા દરમિયાન વહીવટી, સંગઠનાત્મક તેમજ વડીલોના કલ્યાણલક્ષી મુદ્દાઓ પર વિસ્તૃત અને હકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી. હાજર મહાનુભાવોએ સમાજમાં વડીલોની સક્રિય ભૂમિકા અને તેમના વિકાસ અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આયોજકો દ્વારા તમામ આમંત્રિતોનું ભાવભેર સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં હોદ્દેદારોએ સહુનો આભાર માનીને સંગઠનની એકતા તેમજ પરસ્પર સહકારની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# રાજુલામાં અપહરણ અને પોક્સો એક્ટના ગુન્હામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીઓને પકડવા પોલીસને વિશેષ સૂચના અપાઈ હતી. આ અંતર્ગત રાજુલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ ૧૩૭(૨), ૮૭ અને પોક્સો એક્ટની કલમ ૧૮ હેઠળ નોંધાયેલા ગુનાનો ફરાર આરોપી ઝડપાયો છે. રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સના આધારે ગણતરીના સમયમાં જ આરોપી અને ભોગબનનાર બંનેને શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ)નો શપથગ્રહણ સમારોહ ૧૧ જુલાઈએ યોજાશે

અમરેલી,તા.૦૯

લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો ઈન્સ્ટોલેશન સમારોહ ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે હોટેલ એન્જલ લોર્ડ્સ ઈન, જુના માર્કેટિંગ યાર્ડ, અમરેલી ખાતે યોજાનાર છે. સમારોહમાં ક્લબની નવી ટીમ શપથ ગ્રહણ કરશે તેમજ આગામી વર્ષ દરમિયાન હાથ ધરાનાર વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃતિઓની રૂપરેખા રજૂ કરવામાં આવશે. કાર્યક્રમની થીમ "વસંત બ્રધરહુડ બિયોન્ડ બાઉન્ડરી" રાખવામાં આવી છે, જે ભાઈચારો, એકતા અને માનવસેવાના સંદેશને ઉજાગર કરે છે. કાર્યક્રમમાં ક્લબના સભ્યો, આમંત્રિત મહેમાનો અને શહેરના આગેવાનો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સાંસ્કૃતિક રંગો સાથે સન્માનવિધિ અને મિલન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, પી.પી. સોજીત્રા,પરેશ ધાનાણી, મુકેશભાઈ સંઘાણી તેમજ ડિસ્ટ્રીક્ટ ગર્વનર વસંત મોવલીયા, હાર્દિક મહેતા ઉપસ્થિત રહેશે. વિશેષમાં હિરેન હિરપરા, ડી.કે.રૈયાણી, કાંતિભાઈ વઘાસીયા, પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા સહિતના મહેમાનો ખાસ હાજર રહેશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ લા.રાકેશ નાકરાણી, લા. સેક્રેટરી રાજેશ ગઢીયા, ટ્રેઝરર લા.રોહિત મહેતા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજુલા તાલુકામાં અગરીયા પરિવારોને વરસાદ નુકશાનીનું વળતર આપવા માંગ

અમરેલી,તા.૦૯

રાજુલા તાલુકાના ચાંચબંદર ખાતે કાર્યરત 'અગરીયા ઉત્કર્ષ ટ્રસ્ટ' દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનમાં ભારે વરસાદથી પ્રભાવિત અગરીયા પરિવારોને તાત્કાલિક સહાય અને યોગ્ય વળતર આપવા માંગ કરાઈ છે. ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, રિચ રાઈસ આઈલેન્ડ વિસ્તારના માઠાઓમાં અગરીયા યુવાનો મીઠાનું ઉત્પાદન કરે છે. તાજેતરમાં ભારે વરસાદ અને નદીના પાણીના પ્રવાહને કારણે આશરે ૪,૦૦૦ વાર જમીન ધોવાઈ ગઈ છે, જેમાં અંદાજે ૨ કરોડ રૂપિયાનું મોટું નુકસાન થયું છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૧થી વિવિધ સાઈટોના સર્વે મુજબ અન્ય ૧.૯૯ કરોડ રૂપિયાનું વધારાનું નુકસાન પણ નોંધાયું છે. ટ્રસ્ટે મહેસૂલ વિભાગના અહેવાલો રજૂ કરી યોગ્ય વળતર આપવા સરકાર સમક્ષ માંગ કરી છે.

# ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ લીલીયા તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોની લીધી મુલાકાત



લીલીયા,તા.૦૯

લીલીયા તાલુકામાં તાજેતરમાં અતિવૃષ્ટિના કારણે સર્જાયેલી પૂરની સ્થિતિને પગલે સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓના કાફલા સાથે અસરગ્રસ્ત ગામોની રૂબરૂ મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે પૂરના લીધે ખેતી, રસ્તાઓ અને ઘરોમાં થયેલા નુકસાનનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને સ્થાનિક લોકો સાથે સીધો સંવાદ કરી તેમની રજૂઆતો સાંભળી હતી. ધારાસભ્યએ અધિકારીઓને યુદ્ધના ધોરણે રાહત કામગીરી શરૂ કરવા અને નુકસાનીનો સર્વે કરી વહેલામાં વહેલી તકે સરકારી સહાય ચૂકવવા કડક સૂચનાઓ આપી હતી. આ મુલાકાત દરમિયાન સ્થાનિક આગેવાનો, ભાજપના કાર્યકરો અને વહીવટી અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મ દિને સાવરકુંડલામાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે



સાવરકુંડલા,તા.૦૯

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન અને સમાજસેવી નરેશભાઈ પટેલના ૬૧મા જન્મ દિન નિમિત્તે સમગ્ર રાજ્યમાં વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે સાવરકુંડલામાં ખોડલધામ ટ્રસ્ટ અને સદ્જ્યોતા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. આ બ્લડ ડોનેશન કેમ્પ તા. ૧૧ જુલાઈ, શનિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે પટેલવાડી, વજલપરા, સાવરકુંડલા ખાતે યોજાશે. આયોજકોએ સાવરકુંડલા પંથકના યુવાનો, સમાજના આગેવાનો અને રક્તદાતાઓને પરિવાર અને મિત્રમંડળ સાથે રક્તદાન કરવા આમંત્રણ પાઠવ્યું છે. કેમ્પમાં દરેક રક્તદાતાને ખોડલધામ સમિતિ, બ્લડ બેન્ક તથા હિંમતભાઈ લાખાણીના સહયોગથી લેડીઝ છત્રી સહિત કુલ ત્રણ આકર્ષક ભેટ આપવામાં આવશે.

સ્કૂલ - કોલેજ - હોસ્ટેલ પ્રવેશ
KG થી ૧૨ ગુજરાતી મિડીયમ
આર્ટસ - કોમર્સ - સાયંસ
KG થી ૧૨ ઈંગ્લીશ મિડીયમ
કોમર્સ - સાયંસ
BA - MA કોલેજ
સાયકોલોજી - સોસીયોલોજી - ઈંગ્લીશ
B.Sc. - M.Sc. કોલેજ
માઈક્રોબાયોલોજી - બાયોટેક્નોલોજી
B.Com. - M.Com - ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com - ઈંગ્લીશ મિડીયમ
PTC કોલેજ ગુજરાતી મિડીયમ
PTC કોલેજ ઈંગ્લીશ મિડીયમ
BCA-MCA-BBA-MBA-B.Ed.
B.Pharm.-M.Pharm.-PG DMLT
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.- Ad120

# અમરેલીમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ, અકસ્માત ઘટાડવા પર ભાર

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લામાં માર્ગ સલામતીને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. રોડ અકસ્માતોમાં ઘટાડો થાય તે હેતુથી વાહનોની સ્પીડ લિમિટનું ચુસ્ત પાલન કરાવવા, માર્ગો પર જરૂરી સાઈનેઝ બોર્ડ લગાવવા તેમજ રસ્તા નડતરરૂપ વૃક્ષોનું સમયસર ટ્રિમિંગ કરવા સંબંધિત અધિકારીઓને આદેશ અપાયા હતા. આ ઉપરાંત સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ અને કેટ આઈઝ જેવા રોડ સેફ્ટી સાધનોનો અસરકારક ઉપયોગ કરવા ભાર મૂકવામાં આવ્યો હતો.

તાજેતરમાં જેસીંગપરા-રંગપુર રોડ પર બનેલી અકસ્માતની ઘટનાને ગંભીરતાથી લઈને ત્યાં તાકીદે રેલિંગ અને ક્રેશ બેરિયર લગાવવા સૂચના અપાઈ હતી.

# રાજુલાની સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૦૯

રાજુલામાં એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થિની બહેનો માટે મહિલા જાગૃતિ, બેટી બચાઓ બેટી પઢાઓ શીર્ષક અંતર્ગત અને પોક્સો વિષયક વિવિધ એક્ટ વિષય ની તલસ્પર્શી જાણકારી આપવા માટેનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમરેલી જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા, જી. એચ. સી. એલ ફાઉન્ડેશનના પ્રોજેક્ટ અધિકારી હનીફભાઈ કાલવાતર, કોલેજના કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા તથા શી ટીમના રાજુલા વિંગના નીરૂબેન બાંભણિયા, આરતીબેન હીમાસીયા, દિવ્યાબેન ગોસ્વામી, જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર હસમુખભાઈ રાઠોડ તથા સભ્ય ભાવસિંહજીભાઈની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કાર્યક્રમની આભાર વિધિ હસમુખભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**સર્વે, રાહત અને પુનઃસ્થાપન કામગીરી ઝડપી બનાવવા અધિકારીઓને સૂચના**

# ઉર્જામંત્રી કૌશિક વેકરીયા અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત ગામોની મુલાકાતે

**ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને જે.વી.કાકડીયા હાજર રહ્યા**

અમરેલી,તા.૦૯

તાજેતરમાં અમરેલી, ધારી અને ખાંભા તાલુકામાં થયેલા ભારે વરસાદને પગલે ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ વિવિધ અસરગ્રસ્ત ગ્રામ્ય પંથકોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે ખેતીવાડી અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈને પરિસ્થિતિનું જાતે જ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમની સાથે ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા અને રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી પણ જોડાયા હતા. મંત્રીએ કેરિયાચાડ, ખડ ખંભાળિયા, શંભુપરા, સોનારિયા, ગરમલી, કથીવદર, ચરખા અને કંટાળા સહિતના અનેક ગામોની પ્રત્યક્ષ





મુલાકાત લઈને ગ્રામજનો પાસેથી વિગતો મેળવી હતી. આ દરમિયાન તેમણે વરસાદી નુકસાન, સ્થાનિક નદી-નાળાની સ્થિતિ અને ધોવાણ પામેલા મુખ્ય તથા આંતરિક રસ્તાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. સ્થાનિક લોકોની રજૂઆતો અને ભૌગોલિક સ્થિતિને ધ્યાને રાખીને મંત્રીએ રોડ-રસ્તાની તાત્કાલિક મરામત કરવા, પૂરના પાણીથી બચાવ માટે સુરક્ષા દિવાલ (પ્રોટેક્શન વોલ) બનાવવા તેમજ આવાગમન માટે નવા માઈનર બ્રિજ અને સ્લેબડ્રેઈન સહિતના કામો ઝડપભેર કરવા સંબંધિત અધિકારીઓને સ્થળ પર જ સૂચનાઓ આપી હતી. ભારે વરસાદના કારણે ખોરવાયેલા વીજ માળખા અંગે ગંભીરતા દાખવીને મંત્રીએ ધરાશાયી થયેલા વીજપોલ અને ક્ષતિગ્રસ્ત વીજલાઈનોનું રીસ્ટોરેશન કામ ઝડપથી પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ.ના તંત્રને આદેશ આપ્યો હતો. ખાસ કરીને ખેડૂતોને હાલાકી ન ભોગવવી પડે તે માટે ખેતીવાડી ક્ષેત્રનો વીજ પુરવઠો ટૂંકા સમયમાં પૂર્વવત કરવા તાકીદ કરી હતી. આ મુલાકાત વખતે સ્થાનિક હોદ્દેદારો, સરપંચો, પ્રાંત અધિકારીઓ અને વિવિધ વિભાગના ઈજનેરો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલામાં ભારે વરસાદમાં ગૌવંશોની વહારે શ્રીકૃષ્ણ ગૌશાળા

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલા અને આજુબાજુના વિસ્તારોમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે પશુધનની સ્થિતિ ખૂબ જ નાજુક બની છે. પ્રતિકૂળ હવામાન અને અવિરત ભેજને લીધે અનેક ગૌવંશો ગંભીર બીમારીઓનો ભોગ બન્યા છે. આ કપરી પરિસ્થિતિમાં સ્થાનિક શ્રીકૃષ્ણ ગૌશાળાએ પ્રશંસનીય ત્વરિતતા દાખવીને તાત્કાલિક પશુ આરોગ્ય સેવા શરૂ કરી દીધી છે.બીમાર ગૌવંશોને સમયસર તબીબી સહાય પૂરી પાડવા માટે સંસ્થાના પશુ ચિકિત્સક ડૉ. બ્રિજેશ દાફડા અને તેમની તજજ્ઞ ટીમ સતત કાર્યરત છે. આ ટીમ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રૂબરૂ જઈને જે-તે સ્થળ પર જ (ઓન-ધ-સ્પોટ) પશુઓને જરૂરી દવાઓ અને ઈન્જેક્શન આપીને ત્વરિત રાહત પહોંચાડી રહી છે. મુશ્કેલ સમયમાં મૂગા જીવોની વહારે આવેલા આ નિઃસ્વાર્થ સેવાકાર્યને સ્થાનિક લોકોએ જીવદયાનું ઉત્તમ ઉદાહરણ ગણાવી બિરદાવ્યું છે.

## લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલાના નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી

સાવરકુંડલા,તા.૦૯

વિશ્વભરમાં સેવાની સુવાસ ફેલાવતી સંસ્થા ઈન્ટરનેશનલ લાયન્સ, ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨J અંતર્ગત કાર્યરત 'લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા' ના વર્ષ ૨૦૨૬-૨૭ ના નવા હોદ્દેદારો અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. છેલ્લાં પાંચ વર્ષથી સાવરકુંડલા તાલુકામાં અનેરી સેવાકીય પ્રવૃત્તિઓથી આ સંસ્થાએ લોકોના દિલ જીત્યા છે. નવી ટર્મ માટે પ્રમુખ તરીકે લાયન હિતેશ નિમ્બાર્ક, ઉપપ્રમુખ તરીકે લાયન વિમલ વ્યાસ, મંત્રી તરીકે લાયન હિરેન માળવી અને ખજાનચી તરીકે લાયન દેવાંગ શેલાણીની પસંદગી થઈ છે.આ સાથે જ વર્ષ ૨૦૨૬-૨૭ ની કારોબારી સમિતિમાં લાયન કરસન ડોબરીયા, લાયન દેવચંદ કાપોપરા, લાયન પ્રતીક નાકરાણી, લાયન હિરેન વેકરીયા, લાયન દિપક બોઘરા, લાયન કમલ શેલાર, લાયન દિનેશ કારિયા, લાયન હાર્દિક પરમાર, લાયન અમિત પંડ્યા, લાયન વિજય ઉપાધ્યાય અને લાયન જતીન બનજારાની સભ્યો તરીકે વરણી કરાઈ છે.ઉલ્લેખનીય છે કે લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા ટીબીના દર્દીઓને પૌષ્ટિક કીટ, એક્યુપ્રેશર-આંખ-રક્તદાન કેમ્પ, માનવ મંદિર ખાતે મનોરોગી બહેનોનું મફત નિદાન, વિદ્યાર્થીઓ માટે રાહત દરે ચોપડા વિતરણ, ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ માટે સેમિનાર, દિવાળીમાં રાહત દરે ફટાકડા સ્ટોલ અને વેલકમ નવરાત્રી જેવાં અસંખ્ય જનઉપયોગી કાર્યો કરવામાં આવે છે. નવી ચૂંટાયેલી ટીમે આગામી વર્ષમાં પણ આ સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

## અમરેલી તાલુકાના ખેડૂતો માટે વિવિધ કૃષિ યોજનાઓમાં સહાય મેળવવાની તક

અમરેલી,તા.૦૯

અમરેલી તાલુકા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા તાલુકાના તમામ ખેડૂતોને વિવિધ કૃષિ યોજનાઓનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. હાલમાં સોયાબીન બ્લોક નિદર્શન અને દિવેલા બ્લોક નિદર્શન યોજના હેઠળ ખેડૂતોને ૫૦ ટકા સહાય આપવામાં આવી રહી છે. ઉપરાંત ટ્રાયકોટોડર્મા, એલ.એફ.ઓ.એમ., પ્રોમ અને નીમ ઓઈલ પર પણ ૫૦ ટકા સહાય ઉપલબ્ધ કરવામાં આવી છે. આ યોજનાઓનો લાભ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવનાર હોવાથી રસ ધરાવતા ખેડૂતોને સમયસર અરજી કરવા જણાવાયું છે. ખેડૂતોએ જરૂરી માર્ગદર્શન અને કાર્યવાહી માટે પોતાના વિસ્તારના ગ્રામસેવક (ખેતીવાડી)નો તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે. વિસ્તરણ અધિકારી આર.એમ. શેખવાએ ખેડૂતોને વિલંબ કર્યા વગર યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

## અમરેલીમાં બજરંગ દળ દ્વારા વૃક્ષ વિતરણનો કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૯



અમરેલી જિલ્લા બજરંગ દળ દ્વારા તારીખ ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ વૃક્ષ વિતરણનો એક ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બજરંગ દળ સૌરાષ્ટ્ર પ્રાંતના સેવા સપ્તાહ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમ પ્રાંત સંયોજક રવિરાજસિંહ જાડેજા અને વિભાગ સંયોજક ગીગુભાઈ આહીરના યોગ્ય માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. અમરેલી જિલ્લા બજરંગ દળની ટીમ દ્વારા આયોજિત આ વિશેષ ઝુંબેશમાં પર્યાવરણની સુરક્ષા અને ગ્રીન કવર વધારવાના હેતુથી નાગરિકોને વિવિધ પ્રકારના ઉપયોગી વૃક્ષોના રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક કાર્યકરો અને આગેવાનોની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમને બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને લોકોએ ઉત્સાહપૂર્વક રોપાઓ મેળવીને ધરતીને હરિયાળી બનાવવાનો સંકલ્પ લીધો હતો.

## જાફરાબાદ પીજીવીસીએલ કચેરીમાં પ્રમાણિક અધિકારીની બદલી થતાં લોકોને ભારે પરેશાની

જાફરાબાદ,તા.૦૯

જાફરાબાદની પીજીવીસીએલ કચેરીમાં છેલ્લા ઘણા વર્ષોથી કર્મચારીઓની ભારે ઘટ વર્તાઈ રહી છે. સરકારી તંત્ર દ્વારા અહીં સ્ટાફની નવી ભરતી કરવાની વહીવટી પ્રક્રિયા તો દૂરની વાત છે, પરંતુ તાજેતરમાં જ અહીં ફરજ બજાવતા નિષ્ઠાવાન નાયબ ઈજનેરની અન્ય જગ્યાએ બદલી કરી દેવામાં આવી છે. આ મનસ્વી બદલીના કારણે સ્થાનિક લોકોને ભારે વીજ સમસ્યાઓ ભોગવવાનો વારો આવ્યો છે. જાફરાબાદ પીજીવીસીએલમાં વર્ષોથી સ્ટાફ ઓછો છે અને જે કર્મચારીઓ આવે છે, તેઓ દર વર્ષે બદલી કરાવીને પોતાના વતન જતા રહે છે. તેમની જગ્યાએ નવી ભરતી ન થવાને લીધે લોકોને હાલાકી ભોગવવી પડે છે. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી હોવાથી અનેક વિસ્તારોમાં વારંવાર વીજ ફોલ્ટ સર્જાય છે, પરંતુ પૂરતો સ્ટાફ ન હોવાથી લોકોને અંધારપટમાં રહેવું પડે છે. હવે તંત્ર નવી ભરતી કરશે કે કેમ તે જોવાનું રહ્યું.






## લાઠીમાં ૨૨ જુલાઈએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

લાઠી,તા.૦૯

લાઠી તાલુકા કક્ષાના સરકારી બાકી પ્રશ્નોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લાઠી મામલતદાર કચેરી ખાતે યોજાશે. કાર્યક્રમમાં અરજદારો પોતાના વ્યક્તિગત પ્રશ્નો રજૂ કરી શકશે. સામૂહિક તેમજ નીતિ વિષયક પ્રશ્નો સ્વીકારવામાં આવશે નહીં. કાર્યક્રમમાં રજૂ કરવાના પ્રશ્નોની અરજીઓ તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાક સુધીમાં લાઠી મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવાની રહેશે. અરજીના મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. વધુમાં વધુ નાગરિકો આ કાર્યક્રમનો લાભ લઈ પોતાની રજૂઆતો સમયમર્યાદામાં કરે તેવી અપીલ કરવામાં આવી છે.






---

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.25/2026
મરણ તારીખ : 09/11/1989

શ્રી ચુડાસમા મલાઈબેન જેઠાભાઈ,
રહે.દેવળી, ગામ-દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
બી.કે.ચુડાસમા, કોડીનાર ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, દેવળી, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચુડાસમા મલાઈબેન જેઠાભાઈ, રહે.દેવળી, ગામ-દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્ર બાબુભાઈ જેઠાભાઈ ચુડાસમાનું મરણ તારીખ.09/11/1989ના રોજ કોડીનાર તાલુકાના દેવળી મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨ માહેઃ ૦૬ સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

---

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.237/2026
જન્મ તારીખ : 01/06/1978

દિપુભાઈ બાલુભાઈ ચાવડા,
રહે.જમનવાડા, ગામ-જમનવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - જમનવાડા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી દિપુભાઈ બાલુભાઈ ચાવડા, રહે.જમનવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી બાલુભાઈ મેરામણભાઈ ચાવડા તથા સોનીબેન બાલુભાઈ ચાવડા ના પુત્ર ચાવડા માનસિંહભાઈ બાલુભાઈનો જન્મ તારીખ.01/06/1978 ના રોજ કોડીનાર તાલુકાના જમનવાડા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

---

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.227/2026
જન્મ તારીખ : 01/06/1984

મેરામણભાઈ રાજાભાઈ સાવધારીયા,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - વેલણ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મેરામણભાઈ રાજાભાઈ સાવધારીયા, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રાજાભાઈ લખમણભાઈ સાવધારીયા તથા રાણીબેન રાજાભાઈ સાવધરીયા ના પુત્ર ગીગાભાઈ રાવાભાઈ સાવધરીયાનો જન્મ તારીખ.01/06/1984 ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

---

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.226/2026
જન્મ તારીખ : 03/08/2022

સબીના વા./ઓ. ઈમરાનભાઈ ભેસલીયા,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - મુળ દ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સબીના વા./ઓ. ઈમરાનભાઈ ભેસલીયા, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈમરાનભાઈ ગફુરભાઈ ભેસલીયા તથા સબીના ઈમરાનભાઈ ભેસલીયા ના પુત્રી જેનમ ઈમરાનભાઈ ભેસલીયાનો જન્મ તારીખ.03/08/2022 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# દામનગરના રસ્તા પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન

દામનગર, તા.૦૯



ગુજરાત રાજ્યને દેશભરમાં વિકાસનું શ્રેષ્ઠ મોડલ ગણાવવામાં આવે છે, પરંતુ અમરેલી જિલ્લાના દામનગર શહેરની વર્તમાન સ્થિતિ કંઈક જુદો જ ચિતાર રજૂ કરે છે. હાલમાં વરસાદી માહોલ વચ્ચે સમગ્ર દામનગર શહેર જાણે ખાડાનગરમાં ફેરવાઈ ગયું છે. ચોમાસાની શરૂઆતમાં જ ડામરના રોડ-રસ્તાઓ ધોવાઈ જતાં ઠેર-ઠેર જોખમી ખાડાઓ પડી ગયા છે, જેને કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું ભારે જોખમ ઊભું થયું છે. સ્થાનિક લોકોમાં એવી ચર્ચા છે કે જો કોઈ મંત્રી, ધારાસભ્ય કે સંસદસભ્ય આદેશ આપે તો જ તંત્ર સફાળું જાગે છે અને કામગીરી શરૂ કરે છે. તંત્ર કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોયા વિના તાકીદે આ માર્ગોનું સમારકામ કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે. હવે જોવાનું એ રહેશે કે સત્તાધીશો વહેલી તકે આ ખાડાઓ પુરીને પ્રજાને સાચી રાહત આપશે કે પછી માત્ર વિકાસની વાતો જ કાગળ પર ચાલતી રહેશે.

# બગસરા ચેમ્બર ઓફ કોમર્સની ખાડા પૂરવાની કામગીરી પ્રથમ વરસાદમાં ધોવાઈ

બગસરા, તા.૦૯



બગસરા શહેરમાં મુખ્ય માર્ગો પર પડેલા ખાડાઓ પૂરવા માટે ચેમ્બર ઓફ કોમર્સે સ્વૈચ્છિક રીતે કામગીરી હાથ ધરી હતી. સ્થાનિક નાગરિકોને રાહત મળે અને સંસ્થાની સામાજિક જવાબદારી નિભાવવા આ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, સિઝનના પ્રથમ વરસાદમાં જ પૂરાયેલા ખાડાઓનું ધોવાણ થતાં કામગીરીની ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થયા છે. સિમેન્ટ ધોવાઈ જતાં માર્ગો પર ફરી કાંકરીઓ દેખાવા લાગી છે અને ખાડાઓ યથાવત બન્યા છે. ઘટનાને લઈને નગરમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે. લોકોનું માનવું છે કે યોગ્ય આયોજન, તકનીકી માર્ગદર્શન અને ગુણવત્તાયુક્ત સામગ્રીના અભાવે આ કામગીરી સફળ રહી નથી. પરિણામે, પ્રશંસા મેળવવાની અપેક્ષા રાખનાર ચેમ્બર ઓફ કોમર્સ હવે ટીકા અને અસંતોષનો સામનો કરી રહ્યું છે.

# રાજુલા પંથકમાં સગીરા સાથે શરીર સંબંધ બાંધી એક વર્ષ સુધી શોષણ કર્યું

રાજુલા, તા. ૦૯

રાજુલા પંથકમાં સગીરા સાથે શરીર સંબંધ બાંધી એક વર્ષ સુધી શોષણ કરવામાં આવ્યું હતું. સગીરાની માતાએ રાજુલાના રાજપરડા ગામે રહેતા મહેશ ઉર્ફે મેંદો દેવશીભાઈ ગોઠડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમની સગીર દીકરીને લગ્ન કરવાની લાલચ આપી હતી. જે બાદ બદકામ કરવાના ઈરાદે તેનું અપહરણ કરીને ભગાડી ગયો હતો. કાતર કોટડી ગામે વાડીમાં પતરાવાળી ઓરડીમાં ત્રણ વાર શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ છેલ્લા એકાદ વર્ષથી તેમના ઘરની પછવાડે પણ શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એસ. પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટાની સરકારી કોલેજમાં એન.સી.સી. ઓરિએન્ટેશન અને સિલેક્શન કાર્યક્રમ સંપન્ન

લીલીયા,તા.૦૯



લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે વર્ષ ૨૦૨૬ના શૈક્ષણિક સત્ર માટે નવા વિદ્યાર્થીઓને એન.સી.સી માં જોડવા હેતુસર ઓરિએન્ટેશન અને સિલેક્શન કાર્યક્રમનું આયોજન સોમવારે કરવામાં આવ્યું હતું. આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર અને એમ.સી.સી. ઓફિસર ડો. મહેશ એસ. ગઢીયા દ્વારા કરવામાં આવ્યું હતું.આ સિલેક્શન પ્રક્રિયા પારદર્શક અને લશ્કરી ધોરણો મુજબ થાય તે માટે ૯ ગુજરાત બટાલિયન એન.સી.સી., ભાવનગર ના પી.આઈ. આરીફ ખાન કોલેજમાં આવ્યા હતા. ગ્રાઉન્ડ પર વિદ્યાર્થીઓની શારીરિક સજ્જતા ચકાસવા માટે વિવિધ ફિઝિકલ ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાં દોડ, પુશ-અપ્સ અને અન્ય શારીરિક ક્ષમતાની કસોટીઓનો સમાવેશ થતો હતો.

# રાજુલા બસ સ્ટેશનમાં બસમાં ચઢતાં પ્રૌઢનું પાકીટ ચોરાયું

રાજુલા, તા. ૦૯

રાજુલા બસ સ્ટેશનમાં બસમાં ચઢતી વખતે એક પ્રૌઢનું પાકીટ ચોરાયું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ સંદર્ભે જાફરાબાદમાં રહેતા શંકરભાઈ ઉર્ફે કોકારાવાળા બચુભાઈ બારૈયા (ઉ.વ. ૬૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા સાહેદો રાજુલા બસ સ્ટેશનમાં બસની રાહ જોઈને ઊભા હતા. આ વખતે જાફરાબાદ રૂટવાળી બસ આવતાં તેઓ તેમાં ચઢતા હતા, તે દરમિયાન કોઈ અજાણ્યા ચોરે તેમના પેન્ટના જમણા ખિસ્સામાં રાખેલું રૂ. ૩,૫૦૦ની રોકડ વાળું પાકીટ નજર ચૂકવીને સરકાવી લીધું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી.એમ. વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના મોટા સમઢીયાળા ગામેથી વિદેશી દારૂ અને બીયરની ૪૧૧ બોટલ ઝડપાઈ

ખાંભા, તા. ૦૯

ખાંભાના મોટા સમઢીયાળા ગામેથી વિદેશી દારૂ અને બીયરની ૪૧૧ બોટલો ઝડપાઈ છે.

પોલીસે બાતમીના આધારે દરોડો પાડી હાર્દિકભાઈ મધુભાઈ ખુમાણ પાસેથી અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન મળી કુલ ૪૧૧ નંગ (કિંમત રૂ. ૧,૦૪,૫૯૧)નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપીએ આ મુદ્દામાલ ઉનાના ઉમેજ ગામના એક યુવક પાસેથી મંગાવ્યો હોવાની કબૂલાત કરી હતી.

અન્ય એક દરોડામાં, ચીતલ રેલવે સ્ટેશન રોડ પર આવેલી સરકારી હાઈસ્કૂલ પાસે રસ્તા ઉપરથી એક યુવક વિદેશી દારૂની એક બોટલ સાથે ઝડપાયો હતો. આ ઉપરાંત, અમરેલી જિલ્લામાં અલગ-અલગ જગ્યાએથી ૩૧ લોકો દેશી દારૂ સાથે ઝડપાયા હતા, જ્યારે ૨૨ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવતા પોલીસે તેમની સામે ગુનો નોંધ્યો હતો.

# ધારીમાં પિતાની કેન્સરની સારવાર માટે વ્યાજે રૂપિયા લેનારા યુવકની જમીન પચાવી પાડી

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

ધારી, તા.૦૯

ધારીમાં ગેરકાયદેસર વ્યાજવટાવનો ધંધો કરતા એક વ્યાજખોરના ત્રાસનો કિસ્સો સામે આવ્યો છે. પિતાની કેન્સરની બીમારીની સારવાર માટે મજબૂરીમાં વ્યાજે પૈસા લેનાર એક યુવકને વ્યાજખોરે ધાક-ધમકી આપી તેની વડીલોપાર્જિત કરોડોની જમીન પચાવી પાડી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે ધારીમાં રહેતા રાજેશભાઈ જેઠાભાઈ ગોહિલ (ઉ.વ. ૩૧) એ રાકેશભાઈ ધીરૂભાઈ હડિયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, રાજેશભાઈના પિતા કેન્સરની ગંભીર બીમારીથી પીડાતા હોવાથી તેમની સારવાર પાછળ મોટું દેણું થઈ ગયું હતું. આથી ફરિયાદીએ પૈસાની સગવડ કરવા માટે આરોપીનો સંપર્ક કર્યો હતો. આરોપીએ કોઈ પણ પ્રકારના વ્યાજના લાયસન્સ વગર ફરિયાદીની મજબૂરીનો લાભ ઉઠાવ્યો હતો અને માસિક ૫% ના ઊંચા વ્યાજે રૂપિયા ૧ લાખની રકમ ધીરી હતી.રૂપિયા આપવાની સામે આરોપીએ તેમની ધારી ગામ તળની ખાતા નં. ૨૭૮ અને સર્વે નંબર ૯૧૦ વાળી આશરે ૧-૭૧-૨૪ હેક્ટરની કિંમતી વડીલોપાર્જિત જમીનનું કબજા સાથેનું વેચાણ બાનાખત કરાવી લીધું હતું. તેમની પાસેથી આરોપીએ ત્રણ મહિના સુધી ૫% લેખે કુલ રૂ. ૧૫,૦૦૦નું વ્યાજ પણ વસૂલ્યું હતું. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને વધુ રૂ. ૪,૦૦,૦૦૦ આપવાની લાલચ આપી જમીનનું કબજા સાથેનું બીજું બાનાખત કરાવી તેને રજિસ્ટર પણ કરાવી લીધું હતું.જોકે, આ બાનાખત થયા પછી આરોપીએ વચન આપ્યા મુજબના પૈસા ચૂકવ્યા ન હતા. જ્યારે ફરિયાદીએ પોતાના બાકી નીકળતા પૈસાની માંગણી કરી અને સમજાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ તેને તથા તેના પરિવારના સભ્યોને ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત, વ્યાજખોર આરોપીએ આ બાનાખત રદ કરવાના બદલામાં તેની પાસે રૂ. ૧૨,૦૦,૦૦૦ની માંગણી કરી પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૧૦-૦૭-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૦,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૧૦-૦૭-૨૦૨૬ શુક્રવાર

મેષ:પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે.

વૃષભ: ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે.

કન્યા: રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે.

ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો.

મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે.

# અમરેલીના વૈજ્ઞાનિક દ્વારા નેચરલ ફાર્મિંગ વિષયક રાષ્ટ્રીય ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું

અમરેલી,તા.૦૯



ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન, આચાર્ય ડૉ. પ્રભુ નાયકા અને આચાર્ય ડૉ. એસ. પી. દેશમુખના નેતૃત્વમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, કૃષિ વિસ્તરણ વિભાગના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. કે. વી. મશાલિયા દ્વારા એગ્રીમીટ ફાઉન્ડેશન, નવી દિલ્હી દ્વારા આયોજિત ૩૦ દિવસીય સમર સ્કૂલ કમ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત દિવસ-૨૨ના સત્રમાં 'નેચરલ ફાર્મિંગ : અ પાથવે ટુ સસ્ટેનેબલ એગ્રીકલ્ચર' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ૧૫૦ થી વધારે વરિષ્ઠ વૈજ્ઞાનિકો, યુવા વૈજ્ઞાનિકો, કૃષિ અધિકારીઓ, કૃષિ વિદ્યાર્થીઓ, અને પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંકલન ફાઉન્ડેશનના ડૉ. રેવાંગિની રાંઝા, પ્રોગ્રામ કોઓર્ડિનેટર દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાં ડૉ. મશાલિયાએ પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિધ્ધાંતો, ભારતીય કૃષિ પરંપરાનું વૈજ્ઞાનિક મહત્વ, જમીનની ફળદ્રુપતા જાળવવા માટેની પધ્ધતિઓ, બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા, આચ્છાદન, જૈવ વૈવિધ્યતા આધારિત ખેતી તેમજ સ્થાનિક સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

# દામનગરના સુવાગઢ જલાલપુર વિકળીયા રોડ પર આવેલી વાડીએથી રૂ. ૪૩ હજારના મુદ્દામાલની ચોરી

દામનગર, તા. ૦૯

દામનગરના સુવાગઢ જલાલપુર વિકળીયા રોડ પર આવેલી વાડીએથી રૂ. ૪૩ હજારના મુદ્દામાલની ચોરી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે.

આ અંગે ભુપતભાઈ કલાભાઈ સાંગા (ઉ.વ. ૫૪)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સુવાગઢ જલાલપુર વિકળીયા રોડ પર આવેલી તેમની વાડીએથી પાણી ખેંચવાની મોટરનો ૨૦૦ ફૂટનો ઈલેક્ટ્રિક કેબલ વાયર, ૮૦ ફૂટ પાણી ખેંચવાની પાઈપ (ડંડો), ઝટકા મશીન, બેટરી, સોલાર પ્લેટ તથા ઝટકા બાંધવાની ૨૦ પાઈપ અને પેનલ બોર્ડ મળી કુલ રૂ. ૪૩,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.એ. ચારોલા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**કોડીનાર**

રામાનંદી સાધુ લલિતભાઈ બાળકદાસ ટીલાવત (૫૭) (શ્રી પંચમુખી હનુમાનજી મહારાજ મંદિરના પૂજારી) કે જેઓ ભીખુભાઈ, હસુભાઈ, ભરતભાઈ તથા બીપીનભાઈ ના ભાઈ અને દેવાંગના પિતાજીનું અકસ્માતે અવસાન થયું છે. જેમની પ્રાર્થના સભા ૧૦/૦૭/૨૬ ને શુક્રવારના રોજ સાંજના ચાર થી છ કલાકે કુંભાર જ્ઞાતિ ની વાડી, જીન પ્લોટ, માં રાખેલી છે.

# લાઠીના ભુરખીયા ગામના યુવક સામે સગીરાના અપહરણની ફરિયાદ

લાઠી, તા.૦૯

લાઠીના ભુરખીયા ગામના એક યુવક સામે સગીરાના અપહરણની ફરિયાદ નોંધાઈ છે. સગીરાના ભાઈએ ભુરખીયા ગામના હાર્દિક રાજુભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી સગીરાને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી-ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના પી. આઈ. એન.જી. જાડેજા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# વિક્ટર ગામે પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધને લઈ પત્નીએ સમજાવતા માર માર્યો

**પિતા પાસેથી રૂ. ૫ લાખ લઈ આવવા દબાણ કર્યું**

રાજુલા, તા. ૦૯

પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધને લઈ પત્નીએ સમજાવવા જતાં પતિએ ધોલ-ઝાપટ મારી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ સાથે જ પિતા પાસેથી રૂ. ૫ લાખ લઈ આવવા પત્ની પર દબાણ કરવામાં આવ્યું હતું. આ અંગે હાલ વિક્ટર ગામે રહેતાં પૂજાબેન ચેતનભાઈ નિમાવત (ઉ.વ. ૩૨)એ ભાવનગરમાં રહેતા પતિ ચેતનભાઈ ભૂપતભાઈ નિમાવત સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, તા. ૨૯/૦૫/૨૦૨૫ના રોજથી તેમના પતિને ભાવનગરની એક મહિલા સાથે પ્રેમ સંબંધ (અફેર) હતો અને તેઓ તેની સાથે રહેવા માંગતા હતા. આ બાબતે પૂજાબેન અવારનવાર પતિને સમજાવવા જતાં, પતિને તે ગમતું નહોતું અને તેમને અસહ્ય હેરાન-પરેશાન કરી જેમ ફાવે તેમ ગાળો આપતો હતો. તેમજ શરીરે અવારનવાર ઢીકાપાટુ તથા ધોલ-ઝાપટોનો મૂઢમાર મારી, કરિયાવર તેમજ ઘરકામ બાબતે મેણા-ટોણા મારતો હતો. ઉપરાંત, પિતા પાસેથી પાંચ લાખ રૂપિયા લઈ આવવાની માંગણી કરી હતી અને તે રૂપિયા ન લાવી શકતાં શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# ડેટા સેન્ટર નીતિઃ ડિજિટલ ભારતની નવી દિશા

ભારત આજે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ડિજિટલ અર્થતંત્રોમાં સ્થાન મેળવી રહ્યું છે. કૃત્રિમ બુધ્ધિમત્તા (AI), ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડિજિટલ પેમેન્ટ, ઈ-ગવર્નન્સ અને ઓનલાઈન સેવાઓના સતત વિસ્તરણને કારણે ડેટા સેન્ટરોની માંગ ઝડપથી વધી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ૨૦૨૬-૨૭ના બજેટમાં ડેટા સેન્ટર ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. વિદેશી ક્લાઉડ કંપનીઓને ૨૦૪૭ સુધી ટેક્સ હોલિડે આપવાની દરખાસ્ત, ડેટા સેન્ટર ક્ષેત્રને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો આપવાની યોજના અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ ભારતને વૈશ્વિક ડિજિટલ હબ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં છે.

સૌથી મોટો પડકાર વીજળી, પાણી અને અન્ય માળખાગત સુવિધાઓનો છે. ડેટા સેન્ટરોને દિવસ-રાત સતત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો જોઈએ છે. સર્વરોને ઠંડા રાખવા માટે મોટા પ્રમાણમાં પાણીની પણ જરૂર પડે છે. ભારતમાં એક ડેટા સેન્ટર શરૂ કરવા માટે અનેક વિભાગોની મંજૂરી લેવી પડે છે, જેના કારણે મહિનાઓ સુધી પ્રોજેક્ટ અટવાઈ રહે છે. રોકાણકારો માટે સમય પણ મૂડી જેટલો જ કિંમતી હોય છે. મલેશિયા, યુએઈ અને અન્ય ગલ્ફ દેશોએ ઝડપી મંજૂરી પ્રક્રિયાના કારણે વૈશ્વિક રોકાણકારોને આકર્ષવામાં સફળતા મેળવી છે. ભારતે પણ હવે મંજૂરી પ્રક્રિયાને સરળ અને સમયબધ્ધ બનાવવી પડશે.

સ્થાનિક અને વિદેશી કંપનીઓ વચ્ચે સમાન તક જળવાય તે પણ એટલું જ જરૂરી છે. જો માત્ર વિદેશી કંપનીઓને વિશેષ કરરાહતો આપવામાં આવશે અને ભારતીય કંપનીઓને તે લાભ નહીં મળે, તો તે સમાન સ્પર્ધાનું વાતાવરણ ઊભું કરશે નહીં. ભારતીય ઉદ્યોગોને મજબૂત બનાવ્યા વિના માત્ર વિદેશી રોકાણ પર આધાર રાખવો લાંબા ગાળે દેશના હિતમાં નથી. સ્થાનિક ઉદ્યોગોને પણ સમાન પ્રોત્સાહન અને સહયોગ મળવો જોઈએ, જેથી તેઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે.

સરકારે ૨૦૩૦ સુધીમાં દેશમાં લગભગ ૩ ગીગાવોટ ડેટા સેન્ટર ક્ષમતા ઊભી કરવાનો લક્ષ્ય નક્કી કર્યો છે. આ સાથે અબજો ડોલરના રોકાણ અને હજારો રોજગારીની તકો સર્જાવાની સંભાવના છે. જો નીતિનો અસરકારક અમલ થશે તો ભારત માત્ર ડેટા સંગ્રહનું કેન્દ્ર નહીં રહે, પરંતુ નવીન ટેક્નોલોજી, સંશોધન અને ડિજિટલ સેવાઓમાં પણ વિશ્વનું અગ્રણી કેન્દ્ર બની શકે છે.

ડેટા સેન્ટર નીતિને માત્ર કરરાહત અથવા રોકાણની યોજના તરીકે જોવી યોગ્ય નથી. આ નીતિ ભારતના ડિજિટલ ભવિષ્ય, આર્થિક વિકાસ અને ટેક્નોલોજીકલ આત્મનિર્ભરતાનો પાયો બની શકે છે. પરંતુ તેની સફળતા એ વાત પર નિર્ભર રહેશે કે સરકાર કેટલી ઝડપથી માળખાગત સુવિધાઓ વિકસાવે છે, મંજૂરી પ્રક્રિયા સરળ બનાવે છે, સ્થાનિક ઉદ્યોગોને સમાન તક આપે છે અને પર્યાવરણ સાથે સંતુલન જાળવે છે.

વિકાસ ક્યારેય અંતિમ મુકામ નથી હોતો. તે સતત ચાલતી પ્રક્રિયા છે, જેમાં સમયાંતરે સુધારા, નવીનતા અને જવાબદારી જરૂરી બને છે. ડેટા સેન્ટર નીતિએ ભારતને એક નવી દિશા તો આપી છે, પરંતુ આ દિશાને સાચા અર્થમાં સફળતા સુધી પહોંચાડવા માટે સરકાર, ઉદ્યોગ અને સમાજે મળીને લાંબી સફર કાપવાની હજુ બાકી છે.

# ભારત-ઇન્ડોનેશિયા સંબંધોની નવી ઊંચાઈ




ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક વર્ષોમાં માત્ર રાજદ્વારી મર્યાદામાં સીમિત રહ્યા નથી, પરંતુ વ્યૂહાત્મક ભાગીદારીના નવા તબક્કામાં પ્રવેશ્યા છે. વિશ્વની બદલાતી ભૂરાજકીય પરિસ્થિતિ, ઈન્ડો-પેસિફિક ક્ષેત્રનું વધતું મહત્વ અને વૈશ્વિક સપ્લાય ચેઈનની નવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બંને દેશોએ સંરક્ષણ, ડિજિટલ ટેકનોલોજી, મહત્વપૂર્ણ ખનિજ, દરિયાઈ સુરક્ષા અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સહકાર વધારવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન થયેલા વિવિધ કરારો માત્ર દ્વિપક્ષીય સંબંધોને જ મજબૂત બનાવશે નહીં, પરંતુ સમગ્ર ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા, સુરક્ષા અને આર્થિક વિકાસ માટે પણ નવા માર્ગો ખુલશે.

ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેનો સંબંધ ઐતિહાસિક, સાંસ્કૃતિક અને વેપારી પરંપરાથી સમૃધ્ધ રહ્યો છે. હજારો વર્ષોથી બંને દેશો વચ્ચે સમુદ્રી વેપાર અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન ચાલતું આવ્યું છે. આજે પણ ઈન્ડોનેશિયામાં ભારતીય સંસ્કૃતિના અનેક પ્રતીકો જોવા મળે છે. આધુનિક સમયમાં બંને દેશોએ લોકશાહી મૂલ્યો, આર્થિક વિકાસ અને પ્રાદેશિક શાંતિના સમાન હિતોને આધારે પોતાના સંબંધોને વધુ વ્યાપક બનાવવાનો પ્રયાસ કર્યો છે.

તાજેતરની ઉચ્ચસ્તરીય મુલાકાત દરમિયાન ભારત અને ઈન્ડોનેશિયાએ કુલ ૧૪ મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા. આ કરારોમાં સંરક્ષણ, ડિજિટલ ટેકનોલોજી, કૃત્રિમ બુધ્ધિમત્તા (AI), આરોગ્ય, શિક્ષણ, દરિયાઈ સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજ, ઊર્જા અને વેપાર જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. બંને દેશોએ આગામી દાયકાને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારી માટે સ્પષ્ટ દિશા નક્કી કરી છે.

આ મુલાકાતનું સૌથી મહત્વપૂર્ણ પાસું સંરક્ષણ ક્ષેત્રમાં થયેલો સહકાર છે. ભારતે ઈન્ડોનેશિયા સાથે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ અને અસ્ત્ર હવાઈ-થી-હવાઈ મિસાઈલ અંગે સહકાર વધારવાની તૈયારી દર્શાવી છે. ભારતના સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનને વૈશ્વિક બજારમાં સ્થાન મળી રહ્યું છે અને ઈન્ડોનેશિયા જેવા મિત્ર દેશો સાથેનો સહયોગ ભારતીય સંરક્ષણ ઉદ્યોગ માટે નવી તકો ઉભી કરશે. આ ઉપરાંત બંને દેશો સંયુક્ત સૈન્ય અભ્યાસ, દરિયાઈ સુરક્ષા અને રક્ષણ ક્ષેત્રની આધુનિક ટેકનોલોજીમાં પણ સહકાર વધારશે.

ભારત અને ઈન્ડોનેશિયા બંને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના મહત્વપૂર્ણ દેશો છે. વિશ્વના મોટા ભાગનો વેપાર આ સમુદ્રી માર્ગ પરથી પસાર થાય છે. તેથી સમુદ્રી સુરક્ષા, ચાંચિયાગીરી સામેની કાર્યવાહી અને દરિયાઈ માર્ગોની સલામતી બંને માટે સમાન મહત્વ ધરાવે છે. બંને દેશોની નૌકાદળો વચ્ચે સંકલન વધારવાથી સમગ્ર વિસ્તારમાં સ્થિરતા જાળવવામાં મદદ મળશે.

ડિજિટલ અર્થતંત્રના ક્ષેત્રમાં પણ બંને દેશોએ નવી શરૂઆત કરી છે. ભારતની સફળ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) અને ઈન્ડોનેશિયાની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ વચ્ચે જોડાણ સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના પરિણામે બંને દેશોના પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ અને વેપારીઓ માટે સરળ અને ઝડપી ડિજિટલ ચુકવણી શક્ય બનશે. ડિજિટલ વ્યવહારોમાં વધારો થવાથી વેપારને પણ ગતિ મળશે અને નાના વેપારીઓને આંતરરાષ્ટ્રીય વ્યવહારોમાં સરળતા રહેશે.

કૃત્રિમ બુધ્ધિમત્તા (AI), ફિનટેક અને ડિજિટલ જાહેર માળખાના ક્ષેત્રોમાં ભારતે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ઈન્ડોનેશિયા હવે આ ક્ષેત્રોમાં ભારતના અનુભવનો લાભ લેવા ઈચ્છે છે. બંને દેશો વચ્ચે ટેકનોલોજીનું આદાન-પ્રદાન, સંયુક્ત સંશોધન અને સ્ટાર્ટઅપ સહયોગ વધવાની શક્યતા છે. ભારતની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ ઈન્ડોનેશિયામાં સહયોગી કેન્દ્રો સ્થાપવા માટે પણ આગળ આવી રહી છે, જેના કારણે કૌશલ્ય વિકાસ અને સંશોધનને પ્રોત્સાહન મળશે.

તાજેતરના સમયમાં વિશ્વભરમાં મહત્વપૂર્ણ ખનિજોની માંગ ઝડપથી વધી રહી છે. ઈલેક્ટ્રિક વાહનો, સેમીકન્ડક્ટર, બેટરી, નવીનીકરણીય ઊર્જા અને અદ્યતન ઈલેક્ટ્રોનિક્સ માટે નિકલ, કોબાલ્ટ અને અન્ય મહત્વપૂર્ણ ખનિજોની જરૂરિયાત સતત વધી રહી છે. ઈન્ડોનેશિયા નિકલનો વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાંનું એક છે, જ્યારે ભારત ઉત્પાદન અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. બંને દેશો વચ્ચેનો સહકાર વૈશ્વિક સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવી શકે છે.

સ્ટીલ ક્ષેત્રમાં પણ બંને દેશોએ સહયોગ વધારવાનો નિર્ણય કર્યો છે. ઈન્ડોનેશિયાના ખનિજ સંસાધનો અને ભારતની ઉત્પાદન ક્ષમતાના સંયોજનથી બંને દેશોને પરસ્પર લાભ મળશે. આ સહયોગથી ઔદ્યોગિક રોકાણમાં વધારો થશે, રોજગારીની નવી તકો ઊભી થશે અને બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી ગતિ મળશે.

શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં પણ સહયોગ વધારવાનો નિર્ણય મહત્વપૂર્ણ છે. ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ઈન્ડોનેશિયામાં તાલીમ, સંશોધન અને ટેક્નિકલ શિક્ષણ માટે સહયોગ કરશે. આથી યુવાનોને વૈશ્વિક સ્તરની શિક્ષણ અને રોજગારલક્ષી કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળશે.

આરોગ્ય ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સંશોધન, દવાઓ, જાહેર આરોગ્ય વ્યવસ્થાપન અને પરંપરાગત ચિકિત્સા ક્ષેત્રે પણ સહયોગ વધશે. ભારતની ઓછી કિંમતની અને ગુણવત્તાસભર દવાઓ ઈન્ડોનેશિયાના આરોગ્ય ક્ષેત્ર માટે ઉપયોગી બની શકે છે.

ભારતની ''એક્ટ ઈસ્ટ પોલિસી'' અને ઈન્ડોનેશિયાની ''ગ્લોબલ મેરિટાઈમ ફુલક્રમ'' નીતિ વચ્ચેનું સુમેળ બંને દેશોને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધુ મજબૂત સ્થાન અપાવશે. બંને દેશો નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સમુદ્રી માર્ગોની સ્વતંત્રતા અને પ્રાદેશિક શાંતિ માટે પ્રતિબધ્ધ છે.

ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેનો આ સહયોગ માત્ર કરારો સુધી મર્યાદિત નથી. તે વિશ્વાસ, પરસ્પર હિતો અને લાંબા ગાળાની ભાગીદારીનું પ્રતિક છે. વૈશ્વિક રાજકીય અને આર્થિક પરિવર્તનના સમયમાં આવા સહયોગથી બંને દેશો પોતાની વ્યૂહાત્મક સ્થિતિ વધુ મજબૂત બનાવી શકશે.

ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે થયેલા નવા કરારો ભવિષ્યના ઈન્ડો-પેસિફિક સહકારની મજબૂત પાયારચના સમાન છે. સંરક્ષણથી લઈને ડિજિટલ પેમેન્ટ, કૃત્રિમ બુધ્ધિમત્તા, મહત્વપૂર્ણ ખનિજ, શિક્ષણ અને સ્ટીલ ઉદ્યોગ સુધી વિસ્તરતો આ સહયોગ બંને દેશોની આર્થિક પ્રગતિને નવી દિશા આપશે. સાથે જ વૈશ્વિક સ્તરે ભારતની વધતી પ્રતિષ્ઠા અને વિશ્વસનીય ભાગીદાર તરીકેની ઓળખને પણ વધુ મજબૂત બનાવશે. ભારત અને ઈન્ડોનેશિયાની આ નવી ભાગીદારી આવનારા વર્ષોમાં સમગ્ર એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં વિકાસ, સ્થિરતા અને સમૃધ્ધિનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે.

**સંરક્ષણ, ડિજિટલ અર્થતંત્ર અને ખનિજ સહયોગથી ઇન્ડો-પેસિફિકમાં ભારત સાથે વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત બનશે**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૦૫૦ | ૧૮૯૬ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૧૭ |
| જુવાર સફેદ | ૧૧૦૨ | ૧૧૬૮ |
| જુવાર લાલ | ૧૧૪૧ | ૧૨૬૫ |
| જુવાર પીળી | ૪૬૧ | ૫૧૦ |
| બાજરી | ૩૬૦ | ૪૭૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૨૬ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૧૭૮ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૮૦ |
| અડદ | ૧૧૧૧ | ૧૮૬૦ |
| મગ | ૧૧૫૦ | ૧૬૭૬ |
| વાલ દેશી | ૫૬૪ | ૯૨૫ |
| ચોળી | ૯૫૦ | ૧૫૦૦ |
| વટાણા | ૪૫૦ | ૯૦૦ |
| કળથી | ૪૫૦ | ૫૭૫ |
| રાજમા | ૧૦૫૫ | ૧૮૭૪ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૧૭૫ |
| મગફળી જાડી | ૧૧૩૦ | ૧૫૪૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૨૦ |
| તલી | ૨૩૫૦ | ૨૬૨૫ |
| સુરજમુખી | ૧૦૮૦ | ૧૨૨૫ |
| એરંડા | ૧૨૭૫ | ૧૩૯૧ |
| અજમો | ૨૩૦૦ | ૩૦૬૦ |
| સુવા | ૧૪૧૫ | ૧૭૨૫ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૭૩૫ |
| સીંગફાડા | ૧૩૬૦ | ૧૭૩૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૮૫૦ |
| લસણ | ૧૧૭૧ | ૨૬૭૦ |
| ધાણા | ૨૪૪૧ | ૩૦૬૭ |
| ધાણી | ૨૫૦૦ | ૨૯૫૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૯૬૦ |
| જીરૂ | ૩૩૩૧ | ૩૯૮૧ |
| રાય | ૧૫૫૦ | ૧૭૭૦ |
| મેથી | ૯૦૦ | ૧૭૧૫ |
| કલોંજી | ૨૯૫૫ | ૩૫૯૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૨૮ |
| રજકાનું બી | ૮૧૦૦ | ૧૧૧૧૧ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૫૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૪૯૩ | ૧૦૨૫ |
| પપૈયા | ૧૪૧ | ૨૪૪ |
| બટેટા | ૮૭ | ૨૯૮ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૫૨૧ |
| ટમેટા | ૪૫૯ | ૮૧૧ |
| સુરણ | ૭૫૫ | ૯૭૬ |
| કોથમરી | ૧૪૭૩ | ૧૮૧૧ |
| રીંગણા | ૭૮ | ૧૯૨ |
| કોબીજ | ૧૪૨ | ૩૮૯ |
| ફ્લાવર | ૪૫૩ | ૭૨૨ |
| ભીંડો | ૪૬૬ | ૭૯૩ |
| ગુવાર | ૪૯૭ | ૧૩૬૧ |
| ચોળાસીંગ | ૫૧૩ | ૧૧૭૭ |
| ટીંડોળા | ૩૭૯ | ૮૧૨ |
| દુધી | ૨૫૮ | ૪૬૨ |
| કારેલા | ૩૧૧ | ૬૫૪ |
| સરગવો | ૫૫૬ | ૧૧૧૪ |
| તુરીયા | ૫૧૩ | ૭૩૮ |
| પરવર | ૫૬૮ | ૮૮૭ |
| કાકડી | ૪૩૯ | ૭૯૨ |
| ગાજર | ૪૮૩ | ૬૪૮ |
| વટાણા | ૧૪૦૭ | ૧૬૩૨ |
| ગલકા | ૨૨૫ | ૪૬૨ |
| બીટ | ૩૨૬ | ૫૧૩ |
| મેથી | ૧૪૨૩ | ૧૯૫૯ |
| ડુંગળી લીલી | ૧૨૫૮ | ૧૬૧૨ |
| આદુ | ૨૪૩૨ | ૩૩૭૮ |
| મરચા લીલા | ૬૧૨ | ૮૨૭ |
| મકાઇ લીલી | ૧૭૭ | ૩૮૫ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૮૩૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૫૪ |
| મગફળી જીણી | ૧૨૪૬ | ૧૭૦૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૮૧ |
| સિંગ ફાડીયા | ૭૦૧ | ૧૭૮૧ |
| એરંડા / એરંડી | ૧૨૬૧ | ૧૪૧૬ |
| તલ કાળા | ૧૯૭૬ | ૩૯૨૬ |
| જીરૂ | ૨૫૦૧ | ૪૨૬૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૩૫૩૧ |
| વરીયાળી | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ધાણા | ૨૩૦૧ | ૩૦૦૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૫૨૧ |
| ડુંગળી લાલ | ૧૬૬ | ૫૬૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૩૧ |
| મઠ | ૬૦૧ | ૬૦૧ |
| તુવેર | ૯૦૧ | ૧૪૭૧ |
| રાયડો | ૧૩૦૧ | ૧૩૦૧ |
| રાય | ૭૨૬ | ૧૬૩૧ |
| મેથી | ૮૫૧ | ૧૪૪૧ |
| કાંગ | ૪૦૦ | ૬૫૧ |
| સુરજમુખી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મગફળી જાડી | ૧૧૩૧ | ૧૬૩૬ |
| સફેદ ચણા | ૧૦૯૧ | ૧૮૩૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૯૫૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૦૫૧ |
| બાજરો | ૨૫૧ | ૩૪૧ |
| જુવાર | ૫૦૧ | ૧૨૦૧ |
| મકાઇ | ૪૪૧ | ૪૪૧ |
| મગ | ૧૧૦૦ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૨૬ | ૧૧૮૬ |
| વાલ | ૬૦૦ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૫૭૬ | ૧૩૦૧ |
| સોયાબીન | ૧૩૦૧ | ૧૮૦૧ |
| અજમાં | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ગોગળી | ૫૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૨૭૬ | ૯૨૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૪૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૩૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૮૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૫ | ૧૨ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૫૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૨ |
| બીટ પુરા | ૨૦ | ૩૦ |
| સરગવો પુરા | ૨૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ફણશી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૫ | ૮ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૯૫૦ | ૧૪૨૦ |
| શિંગદાણા | ૧૬૯૦ | ૨૪૯૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૯૦ | ૧૮૦૫ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૭૯૫ |
| તલ કાળા | ૨૦૩૦ | ૪૦૦૫ |
| તલ કાશમીરી | ૨૩૭૫ | ૨૪૫૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૩૫ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| અડદ | ૧૫૫૦ | ૧૬૪૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૦ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૧૧૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૩૦ |
| કપાસ | ૧૧૧૦ | ૧૯૧૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૭૦ |
| જીરૂ | ૧૫૦૦ | ૩૯૫૦ |
| રાય | ૧૪૯૫ | ૧૫૨૫ |
| ધાણા | ૨૭૮૦ | ૨૮૨૫ |
| ધાણી | ૨૨૮૦ | ૨૮૭૫ |
| મેથી | ૯૯૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૯૦૦ |
| રજકાનુ બી | ૭૫૦૦ | ૭૫૦૦ |
| છોલે ચણા | ૧૦૨૫ | ૧૨૬૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૦૨૦ |
| કોબીજ | ૪૦૦ | ૪૫૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૨૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૨૦ | ૩૪૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૨૦ | ૫૨૦ |
| કાકડી | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૩૦૫૦ | ૩૧૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૨૦ | ૭૩૦ |
| આદુ | ૨૯૦૦ | ૩૨૫૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફ્રોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૫૦ | ૯૫૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૭૩૦ | ૮૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૪૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૧૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૧૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૦૦ |
| જીરૂ | --- | ૩૭૭૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૦૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૭ |
| જુવાર | ૫૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૩૬૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૮૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૯૬૦ | ૧૧૭૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૭૭ |
| ચણા | ૯૯૦ | ૧૧૩૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૨૧ |
| ધાણા | ૨૫૦૦ | ૨૭૮૦ |
| મગ | ૧૪૫૧ | ૧૪૫૧ |
| તલ સફેદ | ૨૦૧૦ | ૨૬૪૦ |
| તલ કાળા | ૩૪૭૦ | ૩૪૭૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૨૨૨૫ |
| શીંગ ફાડા | ૧૪૬૦ | ૧૪૬૦ |
| એરંડા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| કલોંજી | ૧૨૦૦ | ૨૨૭૫ |
| જુવાર | ૭૭૫ | ૭૭૫ |
| સોયાબીન | ૧૨૨૧ | ૧૪૦૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| ઘઉ લોકવન | ૪૦૦ | ૫૦૯ |
| ઘઉ ટુકડા | ૪૮૨ | ૫૨૨ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૪ |
| ધાણા | ૨૩૦૦ | ૨૭૬૦ |
| શીંગદાણા | ૧૨૨૫ | ૧૯૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૨૪૦ | ૨૫૩૦ |
| મગફળી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૩૩૫ | ૧૫૦૦ |
| મકાઈ | ૫૧૫ | ૫૧૫ |
| એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જુવાર | ૭૦૦ | ૧૧૫૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૫૫ | ૧૩૦૫ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ઘઉ | ૫૦૫ | ૫૧૬ |
| તલ કાળા | ૩૩૪૦ | ૩૭૧૫ |
| તલ સફેદ | ૨૨૪૦ | ૨૪૭૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| ઘઉ | ૪૦૧ | ૫૦૨ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૨૬ |
| મગફળી | ૮૯૬ | ૧૨૪૬ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૬૦૧ |
| ધાણા | ૧૮૦૧ | ૨૯૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૭૬ |
| કલંજી | ૧૧૧૧ | ૧૧૧૧ |
| મેથી | ૧૬૧૧ | ૧૬૧૧ |
| તલ કાળા | ૧૨૦૦ | ૩૦૨૧ |
| તલ સફેદ | ૧૭૪૧ | ૨૬૫૧ |
| શિંગ ફાડા | ૧૭૪૬ | ૧૭૪૬ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૩૫૧ |
| ચોળી | ૮૩૬ | ૮૩૬ |
| બાજરો | ૪૮૬ | ૪૮૬ |
| મગ | ૧૬૨૧ | ૧૬૨૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ મગડી | ૧૩૫૦ | ૧૩૬૦ |
| શીંગ ૩૨ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શીંગ દાણા | ૧૦૦૦ | ૧૯૨૫ |
| શીંગ જી-૨૦ | ૯૫૦ | ૯૫૦ |
| એરંડા | ૧૨૫૩ | ૧૨૫૩ |
| જુવાર | ૫૦૦ | ૧૨૧૮ |
| બાજરી | ૩૫૩ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૫૭ |
| મગ | ૧૨૮૨ | ૧૬૬૧ |
| ચણા | ૭૦૦ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૪૫ |
| તલ કાળા | ૧૨૦૦ | ૧૨૫૩ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૫૩ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ડુંગળી લાલ | ૧૨૨ | ૬૦૦ |
| ડુંગળી સફેદ | ૧૯૯ | ૫૨૪ |
| નાળીયેર | ૮૭૦ | ૨૧૧૨ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૫૧ | ૧૫૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૩૦ | ૫૦૮ |
| ઘઉં | ૪૬૦ | ૫૪૧ |
| જુવાર | ૯૫૦ | ૧૧૦૪ |
| ચોળી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૮૪૦ | ૧૮૯૫ |
| મગ | ૧૪૦૦ | ૧૯૨૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| સફેદ તલ | ૨૧૫૦ | ૨૬૯૮ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૨૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૮૬ |
| શીંગદાણા | ૧૬૧૧ | ૨૨૦૨ |


### જામનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૫૦ | ૫૨૬ |
| મગ | ૧૫૦૦ | ૧૬૪૫ |
| તુવેર | ૧૩૧૫ | ૧૪૨૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૮૧ |
| ચણા સફેદ | ૫૦૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તલ | ૧૬૦૦ | ૨૮૧૦ |
| લસણ | ૮૦૦ | ૨૨૭૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૦૦૦ |
| ધાણા | ૨૩૪૫ | ૨૯૩૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૫૪૦ |
| વટાણા | ૩૯૦ | ૪૯૫ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૨૦૧૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૭૮૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૭૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૪૦ |
| કપાસ | ૧૬૭૦ | ૧૬૭૦ |
| બાજરો | ૪૫૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૨૦ |
| જુવાર | ૫૦૧ | ૧૧૭૬ |
| મકાઈ | ૩૭૫ | ૪૫૦ |
| મગ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ચણા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૧૪૨૫ | ૧૫૦૦ |
| રાય | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૭૫૦ | ૧૮૨૦ |

## શબ્દ સંજોગ-૨૨૨૯



**આડી ચાવી :**
(૧) વહાલુ માણસ(લોકગીતમાં) (૪)
(૪) એક ફૂલ (૨)
(૭) પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
(૯) એક પક્ષી (૩)
(૧૧) ઢોરના નિરણ માટે આડું
(૧૩) દરમિયાનગીરી કરવી તે (આ-અ) (૩)
(૧૪) સિંહ (૩)
(૧૬) ઉત્તર ગુજરાતમાં આવેલો એક ગઢ (૩)
(૧૮) પુત્ર (૩)
(૧૯) .....તે....., બીજા વગડાના વા (૧)
(૨૦) જોર, તાકાત (૨)
(૨૨) એક જાતનો વેલો અને તેની સોટી (૩)
(૨૫) ....કોઈનીયે રાહ જોતો નથી (૩)
(૨૭) એક અંગ્રેજી દારૂ (૨)
(૨૮) ખ્રિસ્તી ધર્મોપ્રદેશક (૩)
(૩૦) લવ-કુશના પિતા (૨)
(૩૧) એક તંતુવાદ્ય (૩)
(૩૨) એક જાતનું બારીક કાપડ (૪)

**ઉભી ચાવી :**
(૧) હાથી (૩)
(૨) .......દીવો (૩)
(૩) ...ને માથે જાતિયાં (૨)
(૫) ખરુ લોઢું, ગજવેલ (૩)
(૬) દરેકને પોતાની જન્મ.... યાદ હોય જ (૩)
(૮) લાકડા વહેરવાનું એક ઓજાર (૪)
(૧૦) કંકણ, કડું (૩)
(૧૨) સૂર્ય (૩)
(૧૫) ઉત્પન્ન કરવુ તે (૩)
(૧૬) 'એંજિનિયરનું ગુજરાતી શું થાય? (૪)
(૧૭) લખેલુ આનાથી ભૂંસાય (૩)
(૨૧) આવજો..... (૪)
(૨૩) અજ્ઞાન, અંધારુ (૩)
(૨૪) રસોઈમાં...ન હોય તો મજા જ ન આવે (૨)
(૨૬) જોડકું (૩)
(૨૮) પગ (૨)
(૨૯) વીસ ઘા કાગળ (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૮ જવાબ

**આડી ચાવી** : (૧) તુલસી (૩) આચરણ (૫) લગ (૬) મોટો (૮) નાટક (૧૦) પર (૧૨) ગાણું (૧૩) ઢોર (૧૫) કમળો (૧૭) મનોરમા (૧૯) મન (૨૧) ગત (૨૩) ખોગીર (૨૪) જરદી (૨૬) ભેદ (૨૭) પિત્તળ (૨૮) અતલ (૩૦) શલાકા (૩૧) સેવર્ધન. **ઉભી ચાવી** : (૧) તુલના (૨) લગટ (૩) આટોપ (૪) રસી (૭) ટાણુ (૯) કઠોર (૧૧) રકમ (૧૨) ગાળો (૧૪) રમા (૧૬) મનખો (૧૭) મગજ (૧૮) નોતર (૨૦) કરતલ (૨૨) ળભેળસે(ભેળસેળ) (૨૫) દીપિકા (૨૮) અર્ધ (૨૯) તન.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો

અમરેલી,તા.૦૯



અમરેલી એસ.ઓ.જી. ટીમે બાતમીના આધારે અમરેલી ટાઉન વિસ્તારની બટારવાડી શેરી નંબર-૧ માં આવેલા 'માતંગી નિવાસ' નામના મકાનમાં દરોડો પાડ્યો હતો. જ્યાં સંજયભાઈ રમેશભાઈ વિરાણી (ઉ.વ. ૪૪) નામનો ઈસમ વનસ્પતિ તેલ અને વનસ્પતિ ઘીનું મિશ્રણ કરી શંકાસ્પદ નકલી ઘી બનાવતા અને તેનું પેકિંગ કરતા રંગેહાથ ઝડપાયો હતો.પોલીસે ઘટનાસ્થળેથી શંકાસ્પદ ઘીનો ૧૯ કિલો જથ્થો, પેકિંગ કરવાના ખાલી પ્લાસ્ટિકના ડબ્બા, સીલિંગ મશીન, ગેસ સિલિન્ડર, ઈલેક્ટ્રિક વજન કાંટો અને અન્ય સાધન સામગ્રી સહિત કુલ રૂા. ૩૫,૫૫૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ મામલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવી શંકાસ્પદ ઘીના સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યા છે. પોલીસે હાલ આ અંગે જાણવા જોગ રજીસ્ટર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**વનસ્પતિ તેલ અને ઘીનું મિશ્રણ કરી શંકાસ્પદ ઘી બનાવતા સંજય વિરાણી નામના ઇસમને રૂા. ૩૫,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયો**

# નરેશભાઈ પટેલના જન્મ દિને રાજ્યમાં ૭૫થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

રાજકોટ,તા.૦૯

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મ દિન નિમિત્તે છેલ્લા ઘણા વર્ષોથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થાય છે. આ વર્ષે પણ નરેશભાઈ પટેલના ૬૧મા જન્મ દિવસે રાજકોટ સહિત ગુજરાત અને ગુજરાત બહાર કુલ ૭૫થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્‌જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૧૧ જુલાઈ ને શનિવારે સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી રાજકોટમાં વિવિધ ત્રણ સ્થળે આ કેમ્પ યોજાશે.

આ કેમ્પમાં રક્તદાન કરીને આ રાષ્ટ્રસેવામાં સહભાગી થવા જાહેર જનતાને આમંત્રણ છે. જરૂરિયાતમંદ દર્દીઓને રક્ત સમયસર રક્ત મળી



રહે તેવા હેતુથી છેલ્લા ૨૬ વર્ષથી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દર વર્ષે તેમના જન્મદિવસે મેગા બ્લડ ડોનેશન

**રાજકોટમાં ૧૧ જુલાઈએ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદજ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટનું આયોજન**

કેમ્પનું આયોજન થાય છે. આ ઉપરાંત વર્ષોથી સર્વરોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ, કુદરતી આપત્તિઓમાં સહાય સહિતના સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે.

# ધોરાજી ખોડલધામ પરિવાર દ્વારા મેગા બ્લડ ડોનેશન અને નિદાન કેમ્પનું આયોજન

ધોરાજી,તા.૦૯



ધોરાજી ખોડલધામ પરિવાર દ્વારા આગામી ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ મેગા બ્લડ ડોનેશન અને નિશુલ્ક નિદાન કેમ્પ યોજાશે. લેઉવા પટેલ સમાજના અગ્રણી નરેશભાઈ પટેલના ૬૧મા જન્મદિવસ નિમિત્તે આયોજિત આ કેમ્પના આયોજન માટે અરવિંદભાઈ વોરાના અધ્યક્ષ સ્થાને એક વિશેષ બેઠક મળી હતી. કૂંડારીયા કેન્સર ફાઉન્ડેશન અને બીટી સવાણી કિડની હોસ્પિટલના સહયોગથી આ કેમ્પમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ તેમજ હિમોગ્લોબીનની મફત તપાસ કરી જરૂરી દવાઓ વિતરણ કરાશે. ધોરાજીની વિવિધ સેવાભાવી કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# અમરેલીના ચર્ચાસ્પદ હત્યા પ્રયાસ કેસમાં સ્પેશિયલ પી.પી. તરીકે ચંદ્રેશ મહેતાની નિમણુંક

**યુવતી પર જીવલેણ હુમલાના કેસમાં સરકારનો મહત્વનો નિર્ણય**

અમરેલી,તા.૦૯



અમરેલીમાં ભારે ચર્ચામાં રહેલા યુવતીનું ગળું કાપી હત્યા કરવાનો પ્રયાસ કરાયેલા કેસમાં ગુજરાત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા એડવોકેટ ચંદ્રેશ બી. મહેતાની સ્પેશિયલ પી.પી. તરીકે નિમણુંક કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ અમરેલીના ભાવકા ભવાની મંદિર નજીક બપોરના સમયે બનેલી ઘટનામાં બે આરોપીઓએ મિલીભગત કરી યુવતી પર જીવલેણ હુમલો કર્યો હતો. એક આરોપીએ યુવતીને પકડી રાખી હતી જ્યારે બીજા આરોપીએ છરી વડે ગળાના ભાગે તેમજ હાથ પર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર હાલતમાં યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.આ બનાવ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે અમરેલી સીટી પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી અને વિવિધ કલમો હેઠળ ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી હતી. હાલમાં આ કેસ સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે. ગુનાની ગંભીરતા જોતા રાજ્ય સરકારે ચંદ્રેશ બી. મહેતાને સ્પેશિયલ પી.પી. તરીકે નિયુક્ત કર્યા છે.

# ધોરાજીનાં મોટી પરબડીમાં ગૌચર જમીન પર દબાણ કરનાર બે શખ્સો સામે પોલીસ ફરિયાદ

ધોરાજી,તા.૦૯

ધોરાજીનાં મોટી પરબડી ગામે ગૌચર જમીન પર ગેરકાયદે દબાણો કરનાર બે શખ્સો વિરુધ્ધ ધોરાજી તાલુકા વિકાસ અધિકારી દ્વારા લેન્ડ ગ્રેબીંગ એક્ટ-૨૦૨૦ મુજબ ફરીયાદ નોંધાવતા તાલુકા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ધોરાજી તાલુકા વિકાસ અધિકારી હરદીપસંહ ગોહીલે તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓ તરીકે (૧) ભરત જીવા તથા (૨) જમન રામાભાઈ દર્શાવ્યા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે, ગામની ગૌચરની જમીનના સર્વે નંબર-૨૧ કુલ વિસ્તાર હે. ૧૪-૭૨-૦૫ ચો.મી. પૈકી હે.-૦-૮૦-૯૪ ચો.મી.વાળી જમીનમાં આરોપી નં-(૧) ભરતભાઈ જીવાભાઈએ ઘઉંનુ વાવેતર કરી તથા હે.-૦-૬૪-૦૮ ચો. મી.વાળી જમીનમાં આરોપી નં-(૨) જમનભાઈ રામાભાઈએ એરંડાનુ વાવેતર કરી મજકુર બન્ને આરોપીઓએ સામે ફરીયાદ નોધાઈ છે.

# ધોરાજીમાં જુદા જુદા વિસ્તારોમાં રસ્તાની હાલત કફોડી, ઠેર ઠેર ખાડાથી લોકો ત્રાહીમામ

ધોરાજી,તા.૦૯

ધોરાજી શહેરમાં રસ્તા અને ગંદા પાણીની સમસ્યાનો કદી અંત આવતો નથી. ધોરાજીમાં વારંવાર ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી વિતરણ થાય છે. બીજી તરફ રસ્તાના કામો ગુણવત્તાયુક્ત ન હોવાથી છાસવારે તૂટી જાય છે અને ખાડા પડી જવાની ઘટના બનતી રહે છે. હાલ ધોરાજીમાં નવા બનેલા રસ્તા ઉદ્ઘાટન થાય તે પૂર્વે જ તૂટી જતા જોવા મળે છે. ધોરાજીના કાપડ બજાર, સોની બજાર, સ્ટેશન રોડ, જેતપુર રોડ, નાગરિક બેન્ક ચોક, સહિત સમગ્ર શહેરમાં રોડ રસ્તા પર



તસવીર : નયન કુહાડીયા

ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજ્ય ફેલાયું હોય તેવો તાલ સર્જાયો છે. નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભ્ય, સાંસદ, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સુધી ભારતીય જનતા પક્ષનું શાસન હોય તેમ છતાં પ્રજાની આવશ્યક સેવાઓ પૂરી પાડવામાં શાસકો અને તંત્ર બંને નિષ્ફળ હોવાનું લોકો આક્ષેપ કરે છે.

# ઉના-ગીરગઢડા પૂરગ્રસ્તોનાં વળતરની માંગ માટે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે મુખ્યમંત્રીને કરી રજૂઆત

ઉના,તા.૦૯



ઉના અને ગીરગઢડા તાલુકામાં ચોથી અને પાંચમી જુલાઈના રોજ થયેલા અતિભારે વરસાદ અને પૂરના કારણે વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્થાનિક ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે રાજ્યના મુખ્યમંત્રીને વિગતવાર રજૂઆત કરી છે. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે હાથ ધરીને ખેડૂતો, માછીમારો, પશુપાલકો અને સામાન્ય નાગરિકોને સરકારી નિયમો મુજબ યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરી છે.પૂરના કારણે હજારો એકર ખેતીની જમીન અને મગફળી તથા કપાસ જેવા પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. અનેક ગામોમાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ જવાથી ઘરવખરીને ભારે નુકસાન થયું છે. આ ઉપરાંત દરિયાકાંઠાના સૈયદ રાજપરા અને નવાબંદર જેવા બંદરો પર માછીમારોની બોટો તથા સાધનોને પણ નુકસાન પહોંચ્યું છે. ધારાસભ્યશ્રીએ ખોરવાયેલો વીજ પુરવઠો તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા અને પૂરથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તા, પુલ અને સરકારી મિલકતોનું સમારકામ યુધ્ધના ધોરણે શરૂ કરવા સરકારને અનુરોધ કર્યો છે.

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૭૨/૨૦૨૬ તા.૦૭/૦૭/૨૦૨૬

શ્રી વૈકુંઠભાઈ લાખાભાઈ વાઘેલા
રહે.નાની પીંડાખાઈ, તા. વિસાવદર, જી. જુનાગઢ ........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
નાની પીંડાખાઈ, તા. વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી વૈકુંઠભાઈ લાખાભાઈ વાઘેલા રહે.નાની પીંડાખાઈ, તા. વિસાવદર, જુનાગઢ.એ તેમની પુત્રી શ્રી નંદીની વૈકુંઠભાઈ વાઘેલાનો જન્મ તા.૧૮/૦૯/૨૦૧૫ ના રોજ વિસાવદર તાલુકાના નાની પીંડાખાઈ ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની પીંડાખાઈ તા.વિસાવદરના જન્મ-મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની પીંડાખાઈ, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર, સહી. (એન.જી.ધાંધલ્યા) નાયબ મામલતદાર, વિસાવદર
હુકમથી, સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૭૧/૨૦૨૬ તા.૦૭/૦૭/૨૦૨૬

શ્રી વૈકુંઠભાઈ લાખાભાઈ વાઘેલા
રહે.નાની પીંડાખાઈ, તા. વિસાવદર, જી. જુનાગઢ ........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
નાની પીંડાખાઈ, તા. વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી વૈકુંઠભાઈ લાખાભાઈ વાઘેલા રહે.નાની પીંડાખાઈ, તા. વિસાવદર, જુનાગઢ.એ તેમના પુત્ર શ્રી વિરેન્દ્ર વૈકુંઠભાઈ વાઘેલાનો જન્મ તા.૩૦/૧૧/૨૦૧૬ ના રોજ વિસાવદર તાલુકાના નાની પીંડાખાઈ ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની પીંડાખાઈ તા.વિસાવદરના જન્મ-મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની પીંડાખાઈ, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર, સહી. (એન.જી.ધાંધલ્યા) નાયબ મામલતદાર, વિસાવદર
હુકમથી, સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વિસાવદર

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૫/૨૦૨૬

શ્રી અશોકભાઈ ઉકાભાઈ બોરડ,
રહે.ઢોળવા, તા.ભેંસાણ, જી.જુનાગઢ ........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી અશોકભાઈ ઉકાભાઈ બોરડ દ્વારા તેઓના પુત્રીશ્રી તપસ્વી અશોકભાઈ બોરડનો જન્મ તા.૦૯/૦૧/૨૦૧૦ ના રોજ ગામ/મોજેઃ ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૬ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી, (આઈ.આર. પારગી) મામલતદાર અને એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ, ભેંસાણ

## છતડીયા ગ્રામ પંચાયત કચેરી

તા.ધારી, જિ.અમરેલી

**જાહેર હરરાજી**

આથી જાહેરાત કરવામાં આવે છે કે, ધારી તાલુકાના છતડિયા ગામે આવેલ પાણીની ઉંચી ટાંકીને પાડવાની મંજુરી તા.પં./જીર્ણ મકાન/તોડવા/મંજુરી/વશી/ /૨૦૨૬ તા.૧૦/૦૨/૨૦૨૬ની આવેલ હોય તેમજ ગ્રામ પંચાયત કચેરી જેને પાડવાની મંજુરી નં./ તા.પં./જીર્ણ મકાન/તોડવા/મંજુરી/વશી/૦૭/૨૦૨૬ તા.૦૨/૦૭/૨૦૨૬ની પાડવાની મંજુરી આવેલ હોય જેને પાડવા માટેની જાહેર હરરાજી માટે ગ્રા.પં.ની તા. ૧૨/૦૬/૨૦૨૬ની સામાન્ય સભામાં ઠરાવ નં. ૦૭ થી નક્કી કરવામાં આવેલ હોય જેથી બન્ને મિલ્કતની જાહેર હરરાજી તા. ૨૨/૦૭/૨૦૨૬ના રોજ બુધવારે ગ્રા.પં. કચેરી ખાતે નિયમાનુસાર રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા લોકોએ છતડીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે તા. ૨૨/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેવું. જર્જરીત મકાનોની અપસેટ પ્રાઈઝ નીચે મુજબ છે.

(૧) પાણીની ઉંચી ટાંકી (ખડખડ પરા વિસ્તારમાં) ૬૦૦૦/- અંકે રૂ. છ હજાર પુરા
(૨) ગ્રામ પંચાયત કચેરી ૪૫૦૦૦/- અંકે રૂ. પિસ્તાલીસ હજાર પુરા
હરરાજીની શરતો ગ્રામ પંચાયતના નિયમોને આધીન છે.

**હરરાજીનું સ્થળ : છતડિયા ગ્રામ પંચાયત કચેરી, તા.ધારી, જી. અમરેલી**
**તારીખ : ૨૨/૦૭/૨૦૨૬ (બુધવાર) સવારે : ૧૧:૦૦ કલાકે**

હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર છતડિયા ગ્રામ પંચાયતને રહેશે.

તલાટી કમ મંત્રી, છતડિયા ગ્રામ પંચાયત
સરપંચશ્રી, છતડિયા ગ્રામ પંચાયત

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.31/2026
મરણ તારીખ : 01/06/1959

હિરૂબેન પીઠાભાઈ ચાવડા,
રહે.લોઢવા, ગામ-લોઢવા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
એમ.બી.વાઝા, કોડીનાર ...........અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હિરૂબેન પીઠાભાઈ ચાવડા, રહે.લોઢવા, ગામ-લોઢવા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ. આહીબેન પીઠાભાઈ ચાવડાનું મરણ તારીખ.01/06/1959ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહેઃ ૦૭ સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી, સહી (એચ.કે.ભાસ્કર) એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.228/2026
જન્મ તારીખ : 01/06/1980

પરબતભાઈ હાજાભાઈ ચુડાસમા,
રહે.માલશ્રમ, ગામ-માલશ્રમ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - માલશ્રમ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પરબતભાઈ હાજાભાઈ ચુડાસમા, રહે.માલશ્રમ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હાજાભાઈ ચીનાભાઈ ચુડાસમા તથા લાડુબેન હાજાભાઈ ચુડાસમા ના પુત્રી લાભુબેન હાજાભાઈ ચુડાસમાનો જન્મ તારીખ.01/06/1980 ના રોજ કોડીનાર તાલુકાના માલશ્રમ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી, સહી (એચ.કે.ભાસ્કર) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.230/2026
જન્મ તારીખ : 01/06/1962

ગંગાબેન એભાભાઈ કાતિરા,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - નાનાવાડા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગંગાબેન એભાભાઈ કાતિરા, રહે.ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી સામતભાઈ જાદવભાઈ બાંભણીયા તથા પુનીબેન ના પુત્ર સાજણભાઈ સામતભાઈ બાંભણીયાનો જન્મ તારીખ.01/06/1962 ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી, સહી (એચ.કે.ભાસ્કર) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.229/2026
જન્મ તારીખ : 01/06/2008

રૂપસિંહભાઈ નોંધણભાઈ ચૌહાણ,
રહે.ચીડીવાવ, ગામ-ચીડીવાવ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - ચીડીવાવ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રૂપસિંહભાઈ નોંધણભાઈ ચૌહાણ, રહે.ચીડીવાવ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રૂપસિંહભાઈ નોંધણભાઈ ચૌહાણ તથા મંજુબેન રૂપસિંહભાઈ ચૌહાણ ના પુત્ર નૈતિક રૂપસિંહભાઈ ચૌહાણનો જન્મ તારીખ.01/06/2008 ના રોજ કોડીનાર તાલુકાના ચીડીવાવ/ગીરદેવળી મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી, સહી (એચ.કે.ભાસ્કર) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

# મધ્યપ્રદેશના ઉમરિયામાં થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ૪ લોકોના મોત




ભોપાલ,તા.૦૯

મધ્યપ્રદેશના ઉમરિયા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૩ પર એક અત્યંત દુઃખદ માર્ગ અકસ્માત સર્જાયો છે. ૯ જુલાઈના રોજ વહેલી સવારે આશરે ૩ વાગ્યે, ભરોલા ગામના સિધ્ધ બાબા મંદિર પાસે એક ઝડપી કાર રસ્તાની બાજુમાં પાર્ક કરેલા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાં સવાર એક જ પરિવારના ચાર સભ્યોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. મૃતકોમાં ૩ વર્ષના માસૂમ બાળક સહિત કુલપત સિંહ (૩૭), સવિતા સિંહ (૩૨) અને પ્રિયંકા સિંહ (૨૪) નો સમાવેશ થાય છે. આ પરિવાર અનુપપુરનો રહેવાસી હતો અને કોઈ અંગત કામસર જઈ રહ્યો હતો. અકસ્માતમાં ૨૨ વર્ષીય ખુશ્બુ નામની મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. હોસ્પિટલમાં સીપીઆર અને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેની હાલત સ્થિર થતાં વધુ સારવાર માટે જબલપુર રિફર કરાઈ છે. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# અમેરિકા-ઈરાન વચ્ચે યુધ્ધવિરામ ભંગ થતા ઈઝરાયેલ પીએમની બંધબારણે બેઠક




તેલ અવીવ,તા.૦૯

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની તાજેતરની ગુપ્ત બેઠક ચર્ચાનો વિષય બની છે. જુલાઈ ૨૦૨૬માં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી તણાવ વધતા નેતન્યાહૂએ એક મહત્વપૂર્ણ જાહેર સમારોહ અચાનક રદ કરી સુરક્ષા અને સૈન્ય અધિકારીઓ સાથે બંધ બારણે લાંબી બેઠક યોજી હતી. આ પગલાં બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક અટકળો શરૂ થઈ છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયલે ઓપરેશન 'એપિક ફ્યુરી' અંતર્ગત ઈરાનના ન્યુક્લિયર કેન્દ્રો, મિસાઈલ મથકો અને કમાન્ડ સેન્ટરો પર હુમલા કર્યા હતા. આ કાર્યવાહી દરમિયાન ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુના અહેવાલોએ સમગ્ર વિસ્તારમાં ભારે અસર પેદા કરી હતી. ઈઝરાયલ લાંબા સમયથી ઈરાનને પોતાની સુરક્ષા માટે સૌથી મોટો ખતરો ગણાવતું આવ્યું છે. સાથે જ ઈઝરાયલે લેબેનોનમાં હિઝબુલ્લાહ સામે પણ સૈન્ય કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે. નેતન્યાહૂની તાજેતરની બેઠકને કારણે હવે ઈઝરાયલના આગામી પગલાં પર સૌની નજર ટકેલી છે.

# ગેરકાયદે બાંધકામ બદલ દિલ્હીના અધિકારીઓને સુપ્રીમ કોર્ટનો ઠપકો



નવી દિલ્હી,તા.૦૯

સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં વધી રહેલા ગેરકાયદે બાંધકામ અને સુરક્ષા નિયમોની અવગણના પર કડક નારાજગી વ્યક્ત કરી બેદરકાર અધિકારીઓની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે માલવિયા નગર હોટેલ આગ (જેમાં ૨૧ લોકોના મોત થયા હતા) જેવી ઘટનાઓનો ઉલ્લેખ કરી IIT દિલ્હીના પ્રોફેસરો અને MCD અધિકારીઓની એક સંયુક્ત તપાસ ટીમ બનાવીને સાકેત, લાજપત નગર અને સરોજિની નગરની ઈમારતોનું નિરીક્ષણ કરવા જણાવ્યું છે. આ ઉપરાંત, ગુરુગ્રામની ૯૩% ઈમારતોમાં અગ્નિ સુરક્ષાના અભાવના અહેવાલને આધારે સંબંધિત સત્તાધિકારીઓને કોર્ટમાં હાજર થવા સમન્સ પાઠવ્યા છે.

# કલકત્તા હાઈકોર્ટે શરતો સાથે ટીએમસીને ફ્રીઝ થયેલા બેંક ખાતાઓ વાપરવાની મંજૂરી આપી



કલકત્તા,તા.૦૯

કલકત્તા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ને મોટી રાહત આપતા તેના ફ્રીઝ થયેલા ત્રણ બેંક ખાતાઓનો ઉપયોગ કરવાની શરતી અને કામચલાઉ મંજૂરી આપી છે. કોર્ટે નોંધ્યું કે પોલીસે જે પુરાવાના આધારે ખાતા ફ્રીઝ કર્યા છે તે હાલમાં પૂરતા નથી. જો કે, પક્ષ આ ભંડોળનો ઉપયોગ માત્ર રોજિંદા ખર્ચ માટે જ કરી શકશે. આ પ્રક્રિયાની દેખરેખ માટે હાઈકોર્ટે નિવૃત્ત ન્યાયાધીશ સુબ્રત તાલુકદારની ખાસ અધિકારી તરીકે નિમણૂક કરી છે, જે વ્યવસ્થા ૩૦ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. શરતો અનુસાર, બેંક ચેક પર ટીએમસીના બે અધિકૃત અધિકારીઓની સહી બાદ ખાસ અધિકારીની પ્રતિસહી (કાઉન્ટર-સિગ્નેચર) હોવી ફરજિયાત છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે આ માત્ર એક વચગાળાની વ્યવસ્થા છે અને તેનાથી કોઈ જૂથને 'વાસ્તવિક ટીએમસી' તરીકે માન્યતા મળતી નથી, કારણ કે આ વિવાદ હજુ ચૂંટણી પંચ સમક્ષ પેન્ડિંગ છે.

# દિલ્હી-NCR સહિત દેશભરમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

નવી દિલ્હી,તા.૦૯

ભારતીય હવામાન વિભાગે દેશના વિવિધ ભાગોમાં મુશળધાર વરસાદને પગલે 'રેડ' અને 'ઓરેન્જ' એલર્ટ જારી કર્યું છે. દિલ્હી-NCRમાં છેલ્લા ૨૪ કલાકથી ભારે વરસાદ પડી રહ્યો છે, જ્યાં માત્ર ત્રણ કલાકમાં ૩૪.૯ મીમી વરસાદ નોંધાયો છે. મહારાષ્ટ્રમાં ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત અકસ્માતોમાં ૬૨ લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ અને આસામ જેવા રાજ્યોમાં પણ પૂર અને ભારે પવન સાથે વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે. બિહારમાં ૬૫ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે, જ્યારે ઉત્તરાખંડમાં લોકોને નદીઓથી દૂર રહેવાની સલાહ અપાઈ છે. આસામ અને ગુજરાતમાં પણ આગામી થોડા દિવસો સુધી ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર સતર્ક છે.

# રામ મંદિર દાન ચોરી કેસ મામલે પોલીસના રાતોરાત દરોડા, SBI કર્મચારીઓ રડાર પર



અયોધ્યા,તા.૦૯

અયોધ્યામાં રામ મંદિરની દાન પેટીમાંથી પૈસાની ચોરીના મામલે રિમાન્ડ પર લેવાયેલા આરોપીઓની પૂછપરછના આધારે પોલીસે રાતોરાત દરોડા પાડીને રોકડ, સોનાના દાગીના અને કાર જપ્ત કરી છે. પ્રાથમિક તપાસમાં ચોરીના નાણાં વિવિધ બેંક ખાતાઓ દ્વારા ટ્રાન્સફર કરીને કાયદેસર બતાવવાનો પ્રયાસ થયો હોવાનું ખૂલ્યું છે. ચોરીના આ કેસમાં આઉટસોર્સ્ડ કર્મચારીઓની ધરપકડ બાદ હવે SBI (સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા) ના કર્મચારીઓ પણ પોલીસના રડાર પર આવ્યા છે. ધરપકડ કરાયેલા કર્મચારીઓનું કામ માત્ર નોટો સીધી કરવાનું હતું, જ્યારે નોટોની ગણતરી હાઈ-ટેક મશીન દ્વારા બેંક કર્મચારીઓ કરતા હતા. આથી, ગણતરી રૂમમાં હાજર હોવા છતાં બેંક કર્મચારીઓને ચોરીની જાણ કેમ ન થઈ તે અંગે પોલીસ ટૂંક સમયમાં પૂર્વ બેંક મેનેજર અને અન્ય સ્ટાફની પૂછપરછ કરી નિવેદનો નોંધશે.

# આઈએસઆઈનું કાવતરું : બ્રિટન અને કેનેડામાં ભારતીયો પર હુમલાની આશંકા



નવી દિલ્હી,તા.૦૯

ભારતીય ગુપ્તચર એજન્સીઓએ બ્રિટન અને કેનેડામાં વસતા ભારતીય સમુદાયની સુરક્ષા અંગે ગંભીર ચેતવણી આપી છે. અહેવાલો મુજબ, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI અને ખાલિસ્તાન સમર્થકો ભારત તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થકો પર સુનિયોજિત હુમલા કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ખાલિસ્તાન ચળવળમાં ઓટ આવતા હતાશ થયેલી ISI હવે હિંસા ફેલાવવા માટે ગેંગસ્ટર નેટવર્ક, ડ્રગ્સ અને હથિયારોની દાણચોરી કરતા ગુનાહિત તત્વોનો ઉપયોગ કરી રહી છે. વિદેશમાં વસતો સામાન્ય ભારતીય સમુદાય શાંતિ ઈચ્છે છે, જ્યારે આ હિંસક પ્રવૃત્તિઓ સામાજિક સમરસતાને નુકસાન પહોંચાડી રહી છે. જોકે, ભારત અને કેનેડાના વડાપ્રધાનોની મુલાકાત બાદ બંને દેશો વચ્ચેના સંબંધો સુધર્યા છે, જે ખાલિસ્તાની નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવામાં મદદરૂપ બનશે. હાલ ભારતીય સુરક્ષા એજન્સીઓ પશ્ચિમી દેશો સાથે મળીને આ સંભવિત હુમલાઓને રોકવા કામ કરી રહી છે.

# પાકિસ્તાના કાર્ગો વિમાનનો કાટમાળ બલુચિસ્તાનના દરિયાકિનારેથી મળ્યો




કરાંચી,તા.૦૯

પાકિસ્તાનનું એક કાર્ગો વિમાન મંગળવારે રાત્રે કરાચી પહોંચતા પહેલા ગુમ થઈ જતાં ચકચાર મચી હતી. શારજાહથી કરાચી આવી રહેલા આ વિમાનમાં ૫ ક્રૂ મેમ્બરો સવાર હતા. પાકિસ્તાન એરપોર્ટ્સ ઓથોરિટીના જણાવ્યા મુજબ રાત્રે ૯:૧૮ વાગ્યે પાયલટે એર ટ્રાફિક કંટ્રોલને નેવિગેશન સિસ્ટમમાં ખામી અંગે જાણ કરી હતી. ત્યારબાદ કંટ્રોલ રૂમે વિમાનને માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ થોડા જ મિનિટોમાં તેનો સંપર્ક તૂટી ગયો હતો. છેલ્લી વખત વિમાન કરાચીથી ૧૫૫ નોટિકલ માઈલ પશ્ચિમ તરફ ટ્રેક થયું હતું. વિમાન ગુમ થયા બાદ અરબી સમુદ્રમાં મોટા પાયે શોધ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પાકિસ્તાન નેવી, એરફોર્સ અને અન્ય એજન્સીઓની મદદથી બલુચિસ્તાનના દરિયાકિનારે ઓરમારાથી ૫૩ નોટિકલ માઈલ દૂર વિમાનનો કાટમાળ મળી આવ્યો છે.

# રામ મંદિર પાસ કૌભાંડમાં ચંપત રાય સહિત ત્રણ ટ્રસ્ટીઓના પાસ આઈડી બ્લોક કરાયા

અયોધ્યા,તા.૦૯

રામ મંદિર દાન કૌભાંડ કેસમાં કડક કાર્યવાહી કરતા ચંપત રાય, ગોપાલ રાવ અને અનિલ મિશ્રાના વીઆઈપી દર્શન પાસ બનાવવા માટેના સિસ્ટમ-જનરેટેડ આઈડી બ્લોક (નિષ્ક્રિય) કરવામાં આવ્યા છે. આરોપી ટીનુ યાદવ અને તેના સાથીઓએ આ ટ્રસ્ટીઓના આઈડીનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે સેંકડો સુગમ અને વિશિષ્ટ દર્શન પાસ જારી કરી લાખો રૂપિયા કમાવ્યા હોવાનો આરોપ છે. રામ મંદિરમાં દાનની ઉચાપતનો આ ગંભીર મામલો જૂન ૨૦૨૬ માં સામે આવ્યો હતો, જેમાં અત્યાર સુધીમાં આઠ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. આ કથિત કૌભાંડ અને વિવાદો વચ્ચે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને સભ્ય અનિલ મિશ્રાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે, જે ટ્રસ્ટે સ્વીકારી લીધું છે.

# અયોધ્યામાં બનનારી મસ્જિદને યોગ્ય દાન ન મળતા યોજના ટૂંકાવી દેવાઈ



અયોધ્યા,તા.૦૯

અયોધ્યાના દાયકાઓ જૂના વિવાદ પર ભારતની સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૯માં આપેલા ઐતિહાસિક ચુકાદાના ભાગરૂપે પ્રસ્તાવિત મસ્જિદ પ્રોજેક્ટના કદમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે રચાયેલા ટ્રસ્ટ 'ઈન્ડો-ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન' (IICF) દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે ફંડની ભારે અછત અને મુસ્લિમ સમુદાય તરફથી અપેક્ષિત સહયોગ ન મળવાને કારણે મૂળ ભવ્ય યોજનાને ટૂંકાવી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૫ એકર જમીન પર અગાઉ નક્કી કરાયેલા તમામ મોટા પ્રોજેક્ટ્સ હવે બંધ કરી દેવાયા છે.

# અમેરિકાએ ઈરાનના બુશેહર પરમાણુ પ્લાન્ટ નજીક મિસાઈલ હુમલો કર્યો



વોશિંગ્ટન,તા.૦૯

અમેરિકા દ્વારા ઈરાનના વિવિધ વિસ્તારો પર મિસાઈલ હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે. ઈરાનની મેહર ન્યૂઝ એજન્સીએ બુશેહર પરમાણુ પાવર પ્લાન્ટ નજીક વિસ્ફોટોના અવાજ સાંભળ્યા હોવાનું જણાવ્યું હતું. જોકે, બુશેહરના ગવર્નર મોહમ્મદ મુઝફ્ફરીએ પરમાણુ પ્લાન્ટ કે ખાર્ગ ટાપુ પર હુમલો થયો હોવાના અહેવાલોને નકારી કાઢ્યા છે અને આ સુવિધાઓ સુરક્ષિત હોવાનું જણાવ્યું છે.

બીજી તરફ, ફાર્સ ન્યૂઝ એજન્સીના જણાવ્યા મુજબ, અમેરિકી હવાઈ હુમલામાં ગોલેસ્તાન પ્રાંતનો 'અક તાકેહ ખાન' રેલ્વે પુલ ક્ષતિગ્રસ્ત થયો છે, જે ઈરાન, રશિયા અને ચીન વચ્ચેના મુખ્ય વેપાર માર્ગને જોડે છે. ઈરાનના વિદેશ મંત્રાલયે આ હુમલાઓને 'ગંભીર યુધ્ધ અપરાધ' ગણાવીને તેની આકરી નિંદા કરી છે. ઈરાને અમેરિકા પર યુધ્ધ વિરામના વચગાળાના કરાર (MoU)ની કલમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે, જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ કરારનો અંત આવ્યો હોવાનું જાહેર કર્યું છે.

# દક્ષિણ ચીનમાં 'માયસાક' તોફાનને કારણે આવેલા પૂરમાં ૩૯ લોકોના મોત, ડેમ તૂટતાં ભારે તબાહી

**આગામી દિવસોમાં હજુ પણ ભારે વરસાદ અને ભૂસ્ખલનની ચેતવણી**



ચીન,તા.૦૯

દક્ષિણ ચીનમાં આવેલા ઉષ્ણકટિબંધીય તોફાન 'માયસાક' અને તેના કારણે સર્જાયેલા વિનાશક પૂરમાં અત્યાર સુધીમાં ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ આફતમાં સૌથી મોટી દુર્ઘટના ગુઆંગશી પ્રદેશના નાનિંગ શહેરમાં ઘટી હતી, જ્યાં એક ડેમ તૂટી પડવાના કારણે ૨૬ લોકોના મોત થયા છે.

દક્ષિણ ચીન સમુદ્રમાં સર્જાયેલું આ તોફાન હૈનાન ટાપુ થઈને આગળ વધ્યું હતું, જેના લીધે મુશળધાર વરસાદ અને વાવાઝોડાની સ્થિતિ ઊભી થઈ છે. પૂરના કારણે નદીઓ છલકાઈ ગઈ છે અને નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. હાલ સ્થાનિક વહીવટીતંત્ર અને આપત્તિ રાહત ટીમો બચાવ કામગીરીમાં લાગેલી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં હજુ પણ ભારે વરસાદ અને ભૂસ્ખલનની ચેતવણી આપીને લોકોને સતર્ક રહેવા જણાવ્યું છે.

**બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીના મુખ્યમંત્રીએ આદેશ કર્યા**

# સુરત માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રૂ.૫૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી

સુરત,તા.૦૯

સુરતમાં છેલ્લા બે દિવસ દરમિયાન પડેલા ભારે વરસાદ બાદ શહેરના અનેક વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા રહેતા જનજીવન પ્રભાવિત બન્યું છે. અંદાજે ૧૮ ઈંચ જેટલા વરસાદના કારણે રસ્તાઓ, રહેણાંક વિસ્તારો અને વેપારી વિસ્તારોમાં ભારે નુકસાન નોંધાયું છે. ખાસ કરીને વેપારીઓ અને વાહન માલિકોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. અનેક વિસ્તારોમાં પાણી ઓસરવાની પ્રક્રિયા ધીમી હોવાથી લોકો છેલ્લા ત્રણ દિવસથી મુશ્કેલી વચ્ચે જીવન પસાર કરવા મજબૂર બન્યા છે. પૂર જેવી સ્થિતિ અને ખાડી વિસ્તારમાં સર્જાયેલી સમસ્યાની સમીક્ષા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરતની મુલાકાતે પહોંચ્યા હતા. સુરત સર્કિટ હાઉસ ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં શહેરમાં વરસાદી પાણીના નિકાલ, ખાડી પ્રોજેક્ટ અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ટાળવા માટેની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન રાજ્ય સરકારે ખાડી પ્રોજેક્ટના રીડેવલપમેન્ટ, ઊંડાણ વધારવા અને પાણીના પ્રવાહમાં અવરોધરૂપ બનતા ગેરકાયદે દબાણો દૂર કરવા માટે રૂ.૫૦૦ કરોડના વિશેષ



પેકેજની જાહેરાત કરી હતી. સાથે જ સંબંધિત વિભાગોને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી. શહેરમાં પાણી ભરાવાના મુખ્ય કારણોનું વિશ્લેષણ કરીને લાંબા ગાળાના ઉકેલ માટે આયોજન કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં હાજર ધારાસભ્યો અને લોકપ્રતિનિધિઓએ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અંગે વિગતવાર રજૂઆત કરી હતી. તેમણે વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવા, લોકોને પડેલી મુશ્કેલીઓ અને તંત્રની કામગીરી અંગેના મુદ્દાઓ મુખ્યમંત્રી સમક્ષ રજૂ કર્યા હતા. આ રજૂઆતો બાદ મુખ્યમંત્રીએ સંબંધિત અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તેની ખાતરી કરવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં જો કોઈ બેદરકારી, ક્ષતિ અથવા કામગીરીમાં ખામી સામે આવશે તો જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવશે. જરૂર પડ્યે શિક્ષાત્મક તેમજ ફોજદારી કાર્યવાહી કરવામાં પણ સંકોચ રાખવામાં આવશે નહીં તેવી ચેતવણી આપવામાં આવી હતી. સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી બેઠક દરમિયાન વિશેષ શિસ્ત જાળવવામાં આવી હતી. બેઠકમાં પ્રવેશતા પહેલા અધિકારીઓ અને હાજર આગેવાનોના મોબાઈલ ફોન બહાર જમા કરાવવામાં આવ્યા હતા. અંદાજે બે કલાક સુધી ચાલેલી આ બેઠકમાં શહેરમાં પાણીના ઝડપી નિકાલ માટે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક રાહત પહોંચાડવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા પગલાં બાદ સુરતમાં વરસાદી સંકટ સામે વધુ અસરકારક વ્યવસ્થા ઉભી થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## બગસરા નજીક ધારીગુંદાળી ગામે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો



જૂનાગઢ,તા.૦૯

બગસરા નજીક જૂની ધારીગુંદાળી ગામમાં આવેલા ૬૬ કે.વી. સબ સ્ટેશનની પાછળ સીમ વિસ્તારના રસ્તા પાસે અમુક ઈસમો ગેરકાયદેસર રીતે વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી કરી રહ્યા છે.જેને લઈ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ધારીગુંદાળી સીમમાં દરોડો પાડી રાજસ્થાનના બુટલેગરોની સ્વીફ્ટ કારમાંથી ૧,૩૯૬ નંગ વિદેશી દારૂના ચપટા ઝડપી પાડ્યા છે. આ કામગીરીમાં પોલીસે ૩ આરોપીઓની અટકાયત કરી છે જ્યારે ૧ શખ્સ ફરાર થયો છે. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ ૮,૬૩,૧૬૧ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## રાજકોટ શહેરમાં નજીવી બાબતમાં બોલાચાલી બાદ ફાયરીંગ, એકનું મોત

રાજકોટ,તા.૦૯

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ નજીક બાઈક ચલાવવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ કાકા-ભત્રીજા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ઘટનામાં કૃષ્ણદીપસિંહનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે તેમના કાકા રહેન્દ્રસિંહ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ મવડીના નવલનગર વિસ્તારમાં રહેતા રણજીત વાળા અને તેમના પુત્રો રાજવીર વાળા તેમજ અભી વાળા વચ્ચે કૃષ્ણદીપસિંહ સાથે બાઈક ચલાવવાના મુદ્દે બોલાચાલી થઈ




હતી. બાદમાં મામલો ઉગ્ર બનતા કેટલાક શખસોએ પોતાના પિતાને હથિયાર સાથે બોલાવી લીધો હતો. આરોપીઓએ ઘટનાસ્થળે પહોંચી રિવોલ્વર જેવા હથિયારથી ફાયરિંગ કર્યું હતું તેમજ તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હત્યાકાંડમાં ૭થી ૮ જેટલા શખસો સંડોવાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## અમદાવાદ મનપા સંચાલિત બસના ૧૩ ડ્રાઈવરો સસપેન્ડ



અમદાવાદ,તા.૦૯

અમદાવાદ શહેરની જાહેર પરિવહન વ્યવસ્થામાં સુરક્ષા અને શિસ્ત જળવાઈ રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ રૂટ પર ચાલતી કોન્ટ્રાક્ટ આધારિત બસોની તપાસ દરમિયાન કેટલાક ડ્રાઈવરો ફરજ દરમિયાન ગંભીર બેદરકારી દાખવતા હોવાનું સામે આવ્યું હતું. મુસાફરોની સુરક્ષાને જોખમમાં મૂકતી કામગીરી બદલ તંત્રએ તાત્કાલિક કડક પગલાં લીધા હતા. કાર્યવાહી અંતર્ગત AMTSના ૧૦ અને BRTSના ૩ એમ કુલ ૧૩ ડ્રાઈવરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## સુરતમાં વરસાદી તબાહીને કારણે વધુ ત્રણ યુવાનોના મૃતદેહ મળ્યા



સુરત,તા.૦૯

સુરતમાં ૬ અને ૭ જુલાઈએ પડેલા અનરાધાર વરસાદ બાદ શહેરમાં અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદ બાદ સર્જાયેલી આફતમાં ડૂબી ગયેલા ચાર લોકોમાંથી વધુ ત્રણ યુવાનોના મૃતદેહ ૨૪થી ૩૬ કલાક બાદ મળી આવ્યા છે. સરથાણા વિસ્તારમાં ધસમસતા પાણીના પ્રવાહ વચ્ચે બે ભાઈ કારમાં જઈ રહ્યા હતા ત્યારે કાર અચાનક ખાડીમાં ખાબકી હતી. ઘટનામાં એક ભાઈનો બચાવ કરવામાં સફળતા મળી હતી, જ્યારે બીજા ભાઈની શોધખોળ હજુ પણ ચાલુ છે. કાર ખાડીમાં ખાબક્યાની સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.ઘટના રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાની ઓફિસ નજીક બનતાં તેમણે દિવસ અને રાત્રિ દરમિયાન સ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તંત્ર દ્વારા હજુ પણ બચાવ અને શોધ કામગીરી ચાલુ રાખવામાં આવી રહી છે.

## ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી'નું લોન્ચિંગ કર્યુ

ગાંધીનગર,તા.૦૯

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯'નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. રાજ્યને ભારતનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવા માટે તૈયાર કરાયેલી આ નીતિ હેઠળ રોકાણકારોને વિશેષ પ્રોત્સાહનો અને આકર્ષક સબસિડી આપવામાં આવશે. ડેટા સેન્ટર ઉદ્યોગ માટે જરૂરી ભારે મૂડીરોકાણ, સતત વીજ પુરવઠો અને પાણી જેવી સુવિધાઓ



સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે સરકાર સહાય પૂરી પાડશે. નીતિના અમલીકરણ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળનું ડિરેક્ટોરેટ ઓફ ICT એન્ડ ઈ-ગવર્નન્સ નોડલ એજન્સી તરીકે કામગીરી કરશે અને રોકાણકારોને સિંગલ-વિન્ડો સુવિધા ઉપલબ્ધ કરાવશે. કાર્યક્રમ દરમિયાન હર્ષ સંઘવીએ રોકાણકારોને ગુજરાતમાં રોકાણ કરવાની અપીલ કરી હતી, જ્યારે અર્જૂન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે નવી નીતિ રાજ્યમાં આશરે ૬ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષી શકે છે.

## ખેડૂતોના ડેટાની સુરક્ષા માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર,તા.૦૯

ગુજરાત સરકારે ખેડૂતોની વ્યક્તિગત અને કૃષિ સંબંધિત માહિતીની સુરક્ષા સુનિશ્ચિત કરવા મહત્વનો નિર્ણય લીધો છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા 'વિભાગીય ડેટા સમિતિ' (DDC)ની રચના કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ-૨૦૨૩ તેમજ ગુજરાત સ્ટેટ ડેટા ગવર્નન્સ ફ્રેમવર્ક



હેઠળ આ સમિતિ કાર્ય કરશે. સમિતિ ખેડૂતોના ડેટાના સુરક્ષિત, પારદર્શક અને વૈજ્ઞાનિક સંચાલન પર ધ્યાન કેન્દ્રિત કરશે. નવી વ્યવસ્થા મુજબ ખેડૂતોની વ્યક્તિગત, બેંકિંગ અને ખેતી સંબંધિત સંવેદનશીલ માહિતી સંપૂર્ણપણે સુરક્ષિત રાખવામાં આવશે. ખેડૂતોની મંજૂરી વગર કોઈપણ માહિતીનો ઉપયોગ કરી શકાશે નહીં. સરકારના જણાવ્યા મુજબ આ પગલાથી ડેટાના દુરુપયોગ, અનધિકૃત પ્રવેશ અને વચેટિયાઓ દ્વારા થતી છેતરપિંડી પર નિયંત્રણ લાવવામાં મદદ મળશે તેમજ ખેડૂતોનો ડિજિટલ સેવાઓ પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બનશે.

## માંગરોળના સાંગાવાડા દરિયા કિનારે વિશાળ લોખંડી કન્ટેનર તણાઈ આવ્યું

માંગરોળ,તા.૦૯

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના સાંગાવાડા ગામના દરિયા કિનારે દરિયાના મોજાં સાથે એક વિશાળ લોખંડી કન્ટેનર તણાઈને કાંઠે આવી પહોંચતા સ્થાનિકોમાં ભારે કુતૂહલ ફેલાયું છે. ઘટનાની જાણ થતાં શીલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે કન્ટેનરની આસપાસ સુરક્ષા ઘેરો ઉભો કરી તેને કબ્જામાં લીધું છે.




આ કન્ટેનર કયા જહાજમાંથી દરિયામાં છૂટું પડ્યું, તે કયા દેશનું છે અને તેનો માલિક કોણ છે તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સલાયાનું માલવાહક જહાજ ઓમાનના દરિયામાં ડૂબ્યુ, બે ખલાસી લાપત્તા

દેવભુમિ દ્વારકા,તા.૦૯

દેવભૂમિ દ્વારકાદ્ધ જિલ્લાના સલાયાનું 'મહેબૂબ-એ-બુખારી' નામનું માલવાહક જહાજ ઓમાનના દરિયાના પ્રચંડ મોજા અને ખરાબ હવામાનના કારણે દરિયામાં ડૂબ્યું છે. જહાજ પર સવાર કુલ ૧૪ ભારતીય ખલાસીઓમાંથી ૧૨ ખલાસીઓને ઓમાનના સર્ચ એન્ડ રેસ્ક્યૂ દળે બચાવી લેવામાં આવ્યા હતા.



પ્રાપ્ત વિગતો મુજબ, સલાયાનું 'મહેબૂબ-એ-બુખારી'(રજીસ્ટ્રેશન નંબર BDI ૧૪૧૫) જહાજ ગત ૩ જુલાઈએ દુબઈથી જનરલ કાર્ગો ભરીને જીબુટી જવા દરિયાઈ માર્ગે રવાના થયું હતું. આ જહાજ ઓમાન નજીકના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક દરિયામાં ભારે કરંટ અને ખરાબ હવામાન સર્જાયું હતું. કુદરતી આફત વચ્ચે જહાજના બંને મુખ્ય એન્જિનો એકાએક બંધ પડી ગયા હતા. એન્જિન બંધ થતાં જહાજમાં પાણી ભરાયું ગયું હતું અને જોતજોતામાં કરોડોની કિંમતનું માલવાહક જહાજ દરિયામાં ડૂબ્યુ હતુ.




## ચુકાદો આવે તે પહેલા પોસ્કોના બે આરોપી અમદાવાદ કોર્ટમાંથી ફરાર

અમદાવાદ,તા.૦૯

અમદાવાદની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાંથી પોક્સો એક્ટના કેસમાં દોષિત જાહેર કરાયેલા બે આરોપીઓ ફિલ્મી અંદાજમાં ફરાર થઈ જતાં પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગઈ છે. ઘટનાને લઈને નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને બંને આરોપીઓની શોધખોળ માટે અલગ અલગ ટીમો કામે લાગી છે.

મળતી માહિતી મુજબ સાણંદ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪



દરમિયાન નોંધાયેલા પોક્સો કેસમાં આરોપી સાહીલ મકવાણા અને સુલ્તાન ઉર્ફે મનોજકુમાર હારૂન સામે કેસ ચાલી રહ્યો હતો. બુધવારે બંનેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં સુનાવણી બાદ જજે બંનેને દોષિત જાહેર કર્યા હતા.

સજા અંગેનો હુકમ સંભળાવવામાં આવી રહ્યો હતો ત્યારે બંને આરોપીઓએ પોતાના વકીલને બોલાવીને આવવાની વાત કરી હતી. આ દરમિયાન તેઓ કોર્ટ સ્ટાફ અને હાજર પોલીસ કર્મચારીઓને ચકમો આપી કોર્ટ પરિસરમાંથી નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ થતાં કોર્ટ અને પોલીસ વિભાગ દોડતું થયું હતું. ડેપ્યુટી રજિસ્ટ્રાર દ્વારા ફરિયાદ નોંધાવાયા બાદ પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

